અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ માર્ચ ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ છઠ | અંક : ૨૧૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ડિસેમ્બર ક્વાર્ટરના જીડીપીગ્રોથના આંકડા જારી કરાતા ફેન્ટાસ્ટિક ફ્રાઈડે

# સેન્સેક્સ-નિફ્ટી ઓલટાઈમ હાઈ, સેન્સેક્સમાં ૧૨૪૫ પોઈન્ટનો ઉછાળો

## બીએસઈસેન્સેક્સે ૭૩,૫૯૦.૫૮ પોઈન્ટ અને નિફ્ટીએ ૩૫૬ પોઈન્ટના ઉછાળા સાથે ૨૨,૩૧૨.૬૫ પોઈન્ટના નવા રેકોર્ડ સર્જ્યો હતો

। મુંબઈ, તા.૧ ।

કેન્દ્ર સરકાર દ્વારા ગુરુવારે ડિસેમ્બર ક્વાર્ટરના જીડીપીગ્રોથ ના આંકડા જારી કરવામાં આવ્યા હતા. જે અગાઉ લગાવવામાં આવેલા તમામ અનુમાનો કરતાં શ્રેષ્ઠ છે. ક્યુ૩માં ઈન્ડિયન ઈકનોમી ૮.૪%ના રેકોર્ડ ગતિથી આગળ વધ્યો છે. ઈકોનોમીની તેજ રફતારની અસર શેરબજાર પર પણ જોવા મળી રહી છે. આજે શેરબજારમાં તોફાની તેજી જોવા મળી રહી છે. બ્લુ-ચિપ ઈન્ડેક્સ નિફ્ટી૫૦એનએસઈ૩૫૬ પોઈન્ટ અથવા ૧.૬% વધીને ૨૨,૩૩૯ પર બંધ થયો, જ્યારે બીએસઈસેન્સેક્સ ૧,૨૪૫ પોઈન્ટ અથવા ૧.૭૨% વધીને ૭૩,૭૪૫ પર બંધ થયો. એનએસઈનિફ્ટીએ ૨૨,૩૧૨.૬૫ના નવા રેકોર્ડ સર્જ્યો છે અને પહેલીવાર નિફ્ટી ૨૨,૩૦૦ની ઉપર નીકળી ગયો છે. આજે નિફ્ટીની શરૂઆત ૨૨,૦૪૮.૩૦ના સ્તર પર થઈ હતી. બીએસઈસેન્સેક્સે પણ નવો રેકોર્ડ બનાવ્યો છે અને તે ૭૩,૫૯૦.૫૮ના ઓલટાઈમ હાઈ લેવલ પર ચાલ્યો ગયો છે. તેની શરૂઆત આજે ૭૨,૬૦૬ પર થઈ હતી અને ઈન્ટ્રાડે સેન્સેક્સમાં



બે કલાકના કારોબાર દરમિયાન તે ૧૦૦૦ ટકાથી વધુ ઉછાળો આવ્યો હતો. સવારે ૧૧:૩૦ વાગ્યે સેન્સેક્સ ૧,૦૨૬.૨૧ પોઈન્ટ અથવા ૧.૪૨ ટકાના ઉછાળા સાથે ૭૩,૫૨૬.૫૧ના લેવલ પર ટ્રેડ કરી રહ્યો હતો. ગુરુવારે છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૭૨,૫૦૦.૩૦ પર બંધ થયો હતો.

સેન્સેક્સની જેમ જ નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટી (નિફ્ટી૫૦) માં પણ તોફાની તેજી આવે અને તે ૩૦૮.૮૫ પોઈન્ટ અથવા ૧.૪૦%ની જોરદાર તેજી સાથે ૨૨,૨૯૧.૬૫ના લેવર પર જઈ પહોંચ્યો હતો. નિફ્ટી અગાઉના બંધ ૨૧,૯૮૨.૮૦ની સરખામણીએ શુક્રવારે ૨૨,૦૪૮ના સ્તર પર કારોબારની શરૂઆત કરી હતી.

બીએસઈની ૩૦માંથી ૨૯ કંપનીઓના શેર લીલા નિશાન પર કારોબાર કરી રહ્યા હતા. આમાં સામેલ સૌથી મોટા ગેનર્સની વાત કરીએ તો ટાટા સ્ટીલનો શેર ૪.૬૮%ના ઉછાળા સાથે રૂ. ૧૪૭.૫૦ પર પહોંચ્યો હતો, જ્યારે જેએસડબલ્યુ સ્ટીલ લિમિટેડનો સ્ટોક ૪.૧૮%ની તેજી સાથે રૂ. ૮૩૩.૬૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. આ ઉપરાંત લાર્સન એન્ડ ટુબ્રોના શેર ૩.૨૨ ટકા વધીને રૂ. ૩,૫૯૩.૬૫ પર પહોંચી ગયા હતા.

મિડકેપકંપનીઓના શેરોમાં પણ જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ૬.૦૬%, ઓઈલ ઈન્ડિયા લિમિટેડનો સ્ટોક ૫.૦૧%, વોડાફોન-આઈડિયાના શેર ૪.૦૩% ઉછળીને કારોબાર કરી રહ્યો હતો. આ ઉપરાંત ટોરેન્ટ પાવર, એનઆએસીએલ, જિન્દાલ સ્ટીલ, ભેલસહિત અન્ય શેરોમાં પણ ૩ થી ૪%ની તેજી જોવા મળી રહી છે. શેરબજારમાં રેકોર્ડ તેજીની ૫ ાછળનું કારણ ગુરુવારે જાહેર કરવામાં આવેલા જીડીપીના આંકડા માનવામાં આવી રહ્યા છે. ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યુ છે. તેની તેજ રફતારનું નવીનતમ ઉદાહરણ ભારત ક્યુ૩જીડીપીના આંકડા છે. ગુરુવારે સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા તમામ અંદાજો કરતા ઘણા શ્રેષ્ઠ રહ્યા છે અને ડિસેમ્બર ક્વાર્ટરમાં દેશની અર્થવ્યવસ્થા ૮.૪%ના ગ્રોથ રેટથી આગળ વધી છે.

બેંકિંગ, મેટલ, ઓટો સૂચકાંકો સૌથી વધુ વધ્યા હતા, જ્યારે ફાર્મા અને આઈટી સૂચકાંકો વેચવાલી દબાણ હેઠળ રહ્યા હતા. ટાટા સ્ટીલમાં આજે જોરદાર ઉછાળો રહ્યો હતો, એલએન્ડટીપણ લીડમાં રહ્યો હતો.

શેરબજારમાં રોકાણકારો માટે શુક્રવારનો દિવસ 'ફેન્ટાસ્ટિક ફ્રાઈડે' હતો, કારણ કે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા ઘટાડાનો આશંકા બજારે સંપૂર્ણપણે ફગાવી દીધો હતો અને સેન્સેક્સ અને નિફ્ટી નવી વિક્રમી ઊંચાઈએ પહોંચ્યા હતા.શુક્રવારે મોટા ગેપઅપ ઓપનિંગ પછી બજારે સતત ઉંચી સપાટી બનાવી અને નવી ઊંચાઈઓ જોઈ.

# એલપીજી સિલિન્ડરના ભાવમાં ૨૫.૫૦ રૂપિયા વધારો થયો

## ઘરેલુ એલપીજી સિલિન્ડર એટલે કે ૧૪ કિલોના સિલિન્ડરની વાત કરીએ તો આ વખતે પણ કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ મહિનાના પહેલા દિવસથી એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કરવાની જાણકારી આપી છે. હવે તમારા શહેરમાં ભાવ આટલા વધી ગયા છે. ઘરેલુ એલપીજી સિલિન્ડર એટલે કે ૧૪ કિલોના સિલિન્ડરની વાત કરીએ તો આ વખતે પણ કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. રંગોના તહેવાર હોળી પહેલા સરકારી તેલ અને ગેસ કંપનીઓએ લોકોને મોટો ઝટકો આપ્યો છે. કંપનીઓએ આજથી એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી છે. કિંમતમાં આ વધારો ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડર માટે કરવામાં આવ્યો



છે, જે મહિનાના પહેલા એટલે કે આજે શુક્રવારથી અમલમાં આવ્યો છે. સરકારી તેલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમએ ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં વધારો કર્યો છે. વિવિધ શહેરોમાં ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત આજથી ૨૫.૫૦ રૂપિયા મોંઘી થઈ ગઈ છે, જ્યારે ૧૪ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં આ સતત બીજો વધારો છે. વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમતમાં બે વખત વધારો કરવામાં આવ્યો છે. આ મહિને હોળીનો તહેવાર ઘટી રહ્યો છે ત્યારે સરકારી તેલ અને ગેસ કંપનીઓએ ભાવમાં આ વધારાની જાહેરાત કરી છે.

### ચાર મોટા શહેરોમાં કોમર્શિયલ સિલિન્ડર ચેન્નાઈમાં સૌથી મોંઘા છે

**આ વધારા બાદ દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત ૧,૭૯૫.૦૦ રૂપિયા થઈ ગઈ છે. પહેલા તે ૧,૭૬૯.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતું. આ રીતે દિલ્હીમાં કિંમત ૨૫.૫૦ રૂપિયા વધી છે. મુંબઈમાં ૧૯ કિલોના સિલિન્ડરની કિંમત હવે ૧૭૨૩.૫૦ રૂપિયાથી વધીને ૧૭૪૯ રૂપિયા થઈ ગઈ છે. હવે આ સિલિન્ડર કોલકાતામાં ૧૯૧૧ રૂપિયામાં મળશે, જે પહેલા ૧૮૮૭ રૂપિયામાં મળતું હતું. ચાર મોટા શહેરોમાં કોમર્શિયલ સિલિન્ડર ચેન્નાઈમાં સૌથી મોંઘા છે. ચેન્નાઈમાં કિંમત હવે ૧૯૩૭ રૂપિયાથી વધીને ૧૯૬૦.૫૦ રૂપિયા થઈ ગઈ છે. ઘરેલુ એલપીજી સિલિન્ડર એટલે કે ૧૪ કિલોના સિલિન્ડરની વાત કરીએ તો આ વખતે પણ કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. છેલ્લા ઘણા મહિનાઓથી ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આમાં છેલ્લો ફેરફાર ૩૦ ઓગસ્ટે થયો હતો.**

## પંજાબમાં આપના નેતાની જાહેરમાં ગોળી મારીને હત્યા

। (એજન્સી) તરનતારન, તા.૧ ।

પંજાબના તરનતારન જિલ્લામાં આમ આદમી પાર્ટી (આપ)ના નેતાની બદમાશોએ જાહેરમાં ગોળી મારીને હત્યા કરી નાખી છે. હત્યારાઓએ પહેલા આમ આદમી પાર્ટીના નેતાની ગાડીનો પીછો કર્યો અને ત્યારબાદ જ્યારે તેમણે શ્રી ગોઈંડવાલ સાહિબ પાસે રેલવે ફાટક બંધ થવાના કારણે ગાડી રોકી તો હત્યારાઓએ અંધાધૂંધ ફાયરિંગ કરીને હત્યાની ઘટનાને અંજામ આપ્યો. જીવ ગુમાવનાર આપનેતાની ઓળખ ગુરપ્રીત સિંહ તરીકે થઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુરપ્રીત સિંહ ઉર્ફે ગોપી ચોહલા સાહિબનો રહેવાસી હતો. આજે સવારે તે પોતાની કારમાં સુલતાનપુર લોધી કોર્ટમાં જઈ રહ્યા હતા. ગુરપ્રીત સિંહની કાર ફતેહાબાદ રેલવે ફાટક પાસે પહોંચી ત્યારે ફાટક બંધ હતું. આ દરમિયાન જ સ્વીફ્ટ કારમાં સવાર હુમલાખોરો પહેલાથી જ તેમનો પીછો કરી રહ્યા હતા.

### ઢાકામાં સાત માળની ઇમારતમાં લાગી ભીષણ આગ

# ઢાકામાં સાત માળની ઈમારતમાં આગ લાગતા ૪૩ના મોત

## એક અધિકારીએ જણાવ્યું કે આગને કારણે ૭૫ લોકો બિલ્ડિંગમાં ફસાયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં સાત માળની ઈમારતમાં લાગેલી આગમાં અત્યાર સુધીમાં ૪૩ લોકોના મોત થયા છે જ્યારે ૨૨ લોકો ઘાયલ થયા છે. ઘાયલોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. સાત માળની ઈમારતના પહેલા માળે આવેલી રેસ્ટોરન્ટમાં ગુરુવારે રાત્રે ૯.૫૦ કલાકે આગ લાગી હતી. થોડી જ વારમાં આગ બિલ્ડિંગના ઉપરના માળ તરફ પણ ફેલાઈ ગઈ હતી. એક અધિકારીએ જણાવ્યું કે આગને કારણે ૭૫ લોકો બિલ્ડિંગમાં ફસાયા હતા, જેમાંથી ૪૨ બેભાન થઈ ગયા હતા. આ લોકોને બિલ્ડિંગમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડની ૧૩ ગાડીઓ ઘટનાસ્થળે હાજર હોવાનું કહેવાય છે. આરોગ્ય પ્રધાન ડૉ સામંત લાલ સેને જણાવ્યું હતું કે ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૩૩ લોકોના મોત થયા હતા જ્યારે નજીકની શેખ હસીના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બર્ન એન્ડ પ્લાસ્ટિક સર્જરી હોસ્પિટલમાં ૧૦ લોકોના મોત થયા હતા.

### ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં 33 લોકોના મોત થયા



ઘટનાને નજરે જોનારા લોકોનું કહેવું છે કે બિલ્ડિંગના પહેલા માળે આગ લાગવાને કારણે લોકો ડરી ગયા અને ઉપરના માળ તરફ ભાગ્યા. બાદમાં ફાયર વિભાગના કર્મચારીઓએ ઇમારતના ઉપરના માળેથી ઘણા લોકોને સુરક્ષિત રીતે બચાવવા માટે સીડીનો ઉપયોગ કર્યો હતો. એક વ્યક્તિએ જણાવ્યું કે આગ લાગ્યા બાદ હું જીવ બચાવવા માટે બિલ્ડિંગ પરથી કૂદી ગયો હતો.

### પ.બંગાળમાં ૭૨૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટોના ઉદઘાટન

# અમારી સરકારની દિશા, નીતિઓ અને નિર્ણય બધું જ યોગ્ય છે : પીએમ મોદી

## સંદેશખાલી કેસ મુદ્દે ઈન્ડીયા ગઠબંધન ચુપ છે, જેના કારણે આખો દેશ દુઃખી છે : વડાપ્રધાન મોદીના પ્રહાર

। (એજન્સી) કોલકાતા, તા.૧ ।

પશ્ચિમ બંગાળની મુલાકાતે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ આજે આરામબાગમાં ૭૨૦૦ કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટોનું ઉદઘાટન, શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત તેમણે એક જાહેર સભાને સંબોધતા કહ્યું કે, ૨૧મી સદીનું ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. આપણે બધાએ મળીને ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારત બનાવવાનું લક્ષ્ય નિર્ધારીત કર્યું છે. અમારી સૌપ્રથમ પ્રાથમિકતા ગરીબ ખેડૂતો, મહિલાઓ તેમજ યુવાઓ છે. સંબોધન દરમિયાન તેમણે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા પર આકરા પ્રહારો



કર્યા છે. હાલ રાજ્યમાં સંદેશખાલી કેસ મામલે રાજ્યમાં ભાજપ અને ટીએમસી શબ્દયુદ્ધ ચાલી રહ્યું છે, ત્યારે આ મામલે પીએમ મોદીએ આક્ષેપ કર્યો છે કે, 'સંદેશખાલી કેસ મુદ્દે ઈન્ડી ગઠબંધન ચુપ છે, જેના કારણે આખો દેશ દુઃખી છે. તેમના નેતાઓના આંખ-કાન-નાક અને મોઢું ગાંધીજીના ત્રણ બંદરોની જેમ બંધ છે.'

### ન્યૂઝ બ્રિફ

## મહારાષ્ટ્રમાં પણ ઉદ્ધવ-પવાર અને કોંગ્રેસ વચ્ચે બેઠકની વહેંચણી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

જેમ જેમ લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ ઈન્ડિયા ગઠબંધનમાં રાજકીય પક્ષોની તૈયારીઓ ઝડપથી આગળ વધી રહી છે. આ દરમિયાન મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીને લઈને પણ મોટા સમાચાર આવ્યા છે. માહિતી અનુસાર લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી સીટ વહેંચણીને લઈને ઉદ્ધવ ઠાકરેની શિવસેના, શરદ પવારની એનસીપી, પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન અઘાડી અને કોંગ્રેસ વચ્ચે સમજૂતી થઈ ચૂકી છે. અહેવાલો અનુસાર ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના ૨૦ સીટો પર જોકે કોંગ્રેસ ૧૮ તથા શરદ પવારની એનસીપી ૧૦ બેઠકો પર લોકસભા ચૂંટણીમાં પોત પોતાના ઉમેદવારોને મેદાને ઉતારવા સહમત થઈ ગયા છે.

## સીઆરપીએફના આઈજીને સંસદની સુરક્ષાની જવાબદારી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સંસદની સુરક્ષામાં ચૂકના લગભગ ૩ મહિના બાદ લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મોટો નિર્ણય લીધો છે. તેમણે સીઆર પીએફના આઈજી અનુરાગ અગ્રવાલને સંસદ ભવનની સુરક્ષાની જવાબદારી સોંપી છે. ઓમ બિરલાએ આઈ પીએસ અગ્રવાલને સંસદ ભવનમાં સંયુક્ત સચિવ સુરક્ષા નિયુક્ત કરવામાં આવ્યા છે. સંયુક્ત સુરક્ષા સચિવ સંસદ ભવનની સિક્યોરિટી સર્વિસના પ્રમુખ હોય છે. આઈપીએસ અગ્રવાલ ૩ વર્ષ સુધી સંયુક્ત સચિવ સુરક્ષાના પદ પર રહેશે. આ પદ ગયા વર્ષે નવેમ્બરથી જ ખાલી હતુ. તેમના પહેલા આઈપીએસ રઘુબીર લાલ આ પદ પર હતા પરંતુ ગયા વર્ષે ૨ નવેમ્બરે તેમની બદલી થઈ ગઈ હતી. તેમના બાદ ડાયરેક્ટર સ્તરના અધિકારી બ્રજેશ સિંહ આ પદને સંભાળી રહ્યા હતા. ગયા વર્ષે સંસદ ભવનની સુરક્ષામાં ચૂક બાદ સિક્યોરિટીને લઈને પ્રશ્ન ઉભા થયા હતા.



## જુનાગઢમાં ૩૬૫ દિવસ અન્નક્ષેત્ર ચાલે છે



। (એજન્સી) જુનાગઢ, તા.૧ ।

જિલ્લામાં ૫મી માર્ચથી ૮મી માર્ચ વચ્ચે ભવનાથના પ્રસિદ્ધ મહાશિવરાત્રીના મેળાનું આયોજન થયેલું છે. ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ એટલે આ મહાશિવરાત્રીનો મેળો. આ મહાશિવરાત્રીના મેળામાં લાખો લોકો ઉમટી પડતા હોય છે. જેમાં ભારતના ખૂણે ખૂણેથી સંતોનું આગમન પણ મોટા પ્રમાણમાં થતું હોય છે. જુનાગઢમાં આવેલું ગોરક્ષનાથ આશ્રમ પણ ખૂબ જ પ્રખ્યાત છે. જુનાગઢના આ મહાશિવરાત્રીના મેળામાં ગોરક્ષનાથ આશ્રમમાં આવનારા ભક્તોની સંખ્યા પણ ખૂબ મોટી હોય છે. આ સ્થળે લાખો લોકો અહીં ભોજન લે છે. અહીં આવતા કોઈપણ ભક્તોને ભોજનમાં તકલીફનો સામનો ન કરવો પડે, તે માટે ગોરખનાથ આશ્રમ સમિતિ દ્વારા તમામ પ્રકારની તૈયારીઓને હાલ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મહત્વની વાત એ કહી શકાય કે, આ આશ્રમમાં ચાલતું અન્નક્ષેત્ર ૩૬૫ દિવસ શરૂ હોય છે એટલે ફક્ત મહાશિવરાત્રીના મેળા દરમિયાન ભૂખ્યા લોકોને ભોજન મળતું નથી, પરંતુ અહીં ચાલુ દિવસોમાં પણ અનેક લોકો ભોજન લેવા માટે આવે છે. આ અન્નક્ષેત્રમાં આવનાર દરેક ભાવિક ભક્તોને અલગ અલગ વાનગીઓ સાથેનો રસથાળ પીરસવામાં આવે છે.

## અમદાવાદ ખાતે GICEA દ્વારા ગોલ્ડ મેડલ એવોર્ડ સમારોહ યોજાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ ખાતે સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ધી ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયરિંગ એન્ડ આર્કિટેક્ટ (GICEA) દ્વારા ગોલ્ડ મેડલ એવોર્ડ સમારોહ યોજાયો હતો. અમદાવાદ ખાતે યોજાયેલા સમારોહમાં સિવિલ એન્જિનિયરિંગ અને આર્કિટેકચર જેવા શૈક્ષણિક ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ સિદ્ધિ હાંસલ કરી હોય તેવા ૮૩ જેટલા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા. આ તમામ માંથી ૪૧ જેટલા ગોલ્ડ મેડલ સ્નાતક સ્તરે જ્યારે ૩૭ જેટલા મેડલ અનુસ્નાતક સ્તરે જ્યારે ૫ જેટલા ગોલ્ડ મેડલ ડિપ્લોમા સ્તરે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને અપાયા હતા. જેમાં સિવિલ એન્જિનિયરિંગ વિભાગમાં ૬૩ મેડલ, આર્કિટેક્ટ વિભાગમાં ૧૭ અને અર્બન પ્લાનિંગ વિભાગમાં ૩ જેટલા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓ રાજ્યની વિવિધ ૩૩ જેટલી યુનિવર્સિટીમાંથી ઉત્તીર્ણ થયેલા છે. રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે તમામ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

# ભાવનગરમાં વીજળીના ચમકારા સાથે કમોસમી વરસાદ થયો

### કમોસમી વરસાદ થતા ખેડૂતોમાં ચિંતા વધી છે, તો બીજી બાજુ લોકોએ એક જ દિવસમાં ત્રણ ઋતુનો અનુભવ થયો છે

। (એજન્સી) ભરુચ, તા.૧ ।

ગુજરાતમાં હવામાન નિષ્ણાત અને હવામાન વિભાગ દ્વારા બે દિવસ વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે. ત્યારે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના કેટલાક વિસ્તારોમાં વીજળીના ચમકારા સાથે કમોસમી વરસાદ વરસ્યો છે. ભાવનગર જિલ્લાના ઘોઘા પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત સાબરકાંઠા જીલ્લામાં પણ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. ત્યારે આજે અન્ય વિસ્તારોમાં પણ માવઠાનું અનુમાન કરવામાં આવ્યુ છે. જિલ્લાના વાગરા તાલુકાના કેટલાક વિસ્તારોમાં વીજળીના ચમકારા સાથે કમોસમી વરસાદ વરસ્યો છે. કમોસમી વરસાદ થતા ખેડૂતોમાં ચિંતા વધી છે. તો બીજી બાજુ લોકોએ એક જ દિવસમાં ત્રણ ઋતુનો અનુભવ થયો છે. એક જ દિવસમાં સવારે અને રાતે સામાન્ય ઠંડી પડી હતી તો બપોરે ગરમી અને રાતે વરસાદ વરસ્યો હતો. ભાવનગર જિલ્લાના ઘોઘા પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત સાબરકાંઠા જીલ્લામાં પણ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો છે. હજુ પણ ગુજરાતમાં બે દિવસ કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાતો દ્વારા કરવામાં આવી છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામી જણાવ્યુ હતુ કે, આગામી સમયમાં ગુજરાતમાં માવઠાનો વરસાદ થવાની શક્યતાઓ ઉભી થઈ છે, જેમાં રાજ્યના ઘણાં જિલ્લા પ્રભાવિત થઈ શકે છે.

હાલ શિયાળો વિદાય લઈ રહ્યો છે, જેની સાથે ઉનાળાની શરુઆત થવાની છે પરંતુ બેક ટુ બેક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (પશ્ચિમી વિક્ષોભ) પસાર થવાના કારણે માર્ચની શરુઆતમાં માવઠું થવાની શક્યતાઓ છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે ગુરૂવારે રાજ્યમમાં પાંચ દિવસની આગાહી કરી હતી. જેમા તેમણે જણાવ્યુ હતુ કે, પહેલી અને બીજી માર્ચના રોજ અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. પહેલી માર્ચના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણમાં માવઠું થશે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં માવઠાની આશંકા નથી ત્યાં હવામાન શુષ્ક રહેશે. જ્યારે સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર, મોરબી, ગીરસોમનાથ, કચ્છમાં હળવાથી સામાન્ય વરસાદની થવાની આગાહી કરવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે, મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે બે માર્ચના રોજ ક્યાં ક્યાં વરસાદ પડશે તે અંગેની આગાહી કરતા જણાવ્યુ કે, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી, મહીસાગર, સાબરકાંઠા, દાહોદ તથા ગાંધીનગર, અમદાવાદ, મહેસાણામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ તથા કચ્છમાં વરસાદ રહેવાની શક્યતા છે. રામાશ્રય યાદવે કમોસમી વરસાદ પાછળનું કારણ સમજાવતા કહ્યુ કે, ઉત્તર ભારતમાં આવતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતમાં પણ માવઠાની આગાહી કરવામાં આવી છે.



ગાંધી આશ્રમ પાસે એક સાઈડનો રોડ બંધ કરાતા પબ્લિક રોંગ સાઈડનો ઉપયોગ કરી રહી છે.

## બનાસકાંઠાના કેટલાક ગામના પશુઓમાં ખરવા મોવાસા રોગચાળો જોવા મળ્યો

।(એજન્સી) ગાંધીનગર, તા.૧।

પશુઓમાં થતા ખરવા-મોવાસા રોગચાળાને નાથવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર સજ્જ છે. તાજેતરમાં જ બનાસકાંઠા જિલ્લાના કેટલાક ગામના પશુઓમાં ખરવા મોવાસા રોગચાળો જોવા મળતા રાજ્ય સરકાર દ્વારા પશુઓની સારવાર ઉપરાંત રોગચાળાને ફેલાતો અટકાવવા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી હતી. પશુપાલન મંત્રી રાઘવજી પટેલના દિશાનિર્દેશ હેઠળ પશુપાલન વિભાગ તેમજ વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળની બનાસ ડેરીના સહયોગથી તાત્કાલિક ધોરણે ખરવા મોવાસા રોગના અટકાવ અને નિયંત્રણ માટે રસીકરણ, સારવાર, લોકજાગૃતિ સહિતની સઘન કાર્યવાહી કરવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા બનાસકાંઠાના ભાગળ, માલુપુર, ઝેટા, જામડા અને કોતરવાડાને મળી કુલ પાંચ ગામના પશુઓમાં ખરવા મોવાસા રોગચાળો જોવા મળ્યો હતો. આ ગામોમાં તાત્કાલિક ધોરણે ચૂસ્ત આઈસોલેશન અને સઘન સારવાર શરુ કરવામાં આવી હતી.

### જેને બચાવવા ૨૦૦ વીરોએ આપ્યું હતું બલિદાન

## સિદ્ધરાજ જયસિંહ દ્વારા નિર્મિત પૌરાણિક શિવાલય

### શ્રાવણ માસ તેમજ સોમવારના દિવસે અહીં ભક્તોની ભીડ જામતી હોય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાતમાં અનેક શિવભક્તો રહે છે તેમજ ગુજરાતમાં અનેક પૌરાણિક શિવાલયો પણ આવેલા છે, મહાશિવરાત્રી, શ્રાવણ માસ તેમજ સોમવારના દિવસે અહીં ભક્તોની ભીડ જામતી હોય છે. આણંદમાં પણ ઘણા શિવાલયો આવેલા છે, જે ઐતહાસિક તેમજ પૌરાણિક છે. આવું જ એક પૌરાણિક શિવમંદિર આણંદના જીતુડીયા ગામમાં આવેલું છે. આ શિવમંદિરનું નામ વૈજનાથ મહાદેવ મંદિર છે. આણંદમાં સ્થિત આ મંદિર પોતાની અંદર ખૂબ જ જૂનો ઈતિહાસ સંઘરીને આજે પણ અડીખમ ઊભું છે. આ મંદિર પાટણના યશસ્વી રાજા સિદ્ધરાજ જયસિંહ દ્વારા બનાવવામાં આવ્યું હતું જે તે સમયે વિધર્મીઓ દ્વારા કરવામાં આવેલ આક્રમણમાં આ મંદિરને બચાવવા માટે ૨૦૦થી પણ વધારે ગોસ્વામી સમુદાયના વીરોએ બલિદાન આપ્યું હતું. જેનો પૂરાવા સમાધિરૂપે આજે પણ મંદિર પાસે જોવા મળે છે. આ મંદિર અંગે વર્ષોથી પેઢી દર પેઢી સેવા કરતાં ગોસ્વામી પરિવારના મહંત ભીષ્મપુરી તિલક પુરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે, આ મંદિર આણંદ જિલ્લાના જીતોડિયા ગામમાં આવેલું છે. આ મંદિરનું નિર્માણ ઈતિહાસ પ્રમાણે વિક્રમ સવંત ૧૨૧૨માં સિદ્ધરાજ જયસિંહના રાજ સમયે તેમના દ્વારા જીર્ણોદ્ધાર કરીને બનાવવામાં આવ્યું હતું. તે સમયે આ મંદિરનું બાંધકામ પથ્થર ચુના અને માટીથી કરવામાં આવ્યું હતું. આ મંદિરમાં સ્વયંભૂ શિવલિંગ આવેલું છે. આ ઉપરાંત, આ મંદિરને બચાવવા માટે અનેક ગોસ્વામીએ પોતાનો જીવ આપ્યો છે. જે તે સમયે ભારતના વિવિધ મંદિર જેમકે, સોમનાથ જેવા મહત્વના મંદિર ઉપર વિધર્મીઓ દ્વારા આક્રમણ કરવામાં આવી રહ્યું હતું. તે સમયે ગુજરાતનું આ મંદિર પણ ખૂબ જ મહત્વનું હોવાથી આ મંદિર પર વિધર્મીઓ દ્વારા આક્રમણ કરવામાં આવ્યું હતું. આ મંદિરને જમીનદોસ્ત થતા બચાવવા માટે તે સમયના ગોસ્વામી પરિવારના લોકોએ લડત આપીને બલિદાન આપ્યું હતું. આ મંદિરને બચાવવા માટે ૨૦૦થી ૨૫૦ જેટલા ગોસ્વામી સંતો અને મહંતોએ પોતાનું બલિદાન આપ્યું હતું. આજે પણ મંદિર પાસે તેમની સમાધિ તેમના બલિદાનની સાક્ષી પુરાવી રહી છે. આ અંગે પૂજારીએ જણાવ્યું હતું કે, તેમના વડવાઓએ જણાવ્યા મુજબ તેમજ પ્રચલિત ઈતિહાસ મુજબ, જે તે સમયે આ જગ્યાએ જંગલ વિસ્તાર હતો, એક સ્થળ ઉપર ગાયના દૂધનો અભિષેક જાતે જ થઈ જતો હતો. આ જગ્યાએ ખોદકામ કરતાં સ્વયંભૂ શિવલિંગ મળી આવ્યું હતું. આ વાતની જાણ રાજા સિદ્ધરાજ જયસિંહને થતા તેમના દ્વારા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

### લાલ ડુંગળીના એક મણના ભાવ ૩૬૩ રૂપિયા બોલાયા હતાં

## ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવકમાં વધારો

### યાર્ડમાં ૬૬૬૪૮ કટ્ટા સફેદ ડુંગળી અને ૭૨૦૦૦ કટ્ટા લાલ ડુંગળીની આવક થઇ હતી, તેમજ સારા ભાવ લાલ ડુંગળીના ખેડૂતોને મળ્યાં હતાં

। (એજન્સી) ભાવનગર, તા.૧ ।

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૨૯ ફેબ્રુઆરીના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીની આવક નોંધાઈ હતી. મહુવા માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને સફેદ ડુંગળી, નાળિયેરની આવક નોંધાઈ હતી. ૨૯ ફેબ્રુઆરીના રોજ કુલ ૧૬ જણસીઓની આવક નોંધવામાં આવી હતી. મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૬૬,૬૪૮ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૦૧ રૂપિયાથી લઈને ૨૯૨ રૂપિયા સુધીના બોલાયા હતા. માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીની ૭૨,૦૦૦ ગુણીની આવક નોંધાઈ હતી, જેના પ્રતિ



એક મણના નીચા ભાવ ૧૪૦ રૂપિયા અને ઊંચા ભાવ ૩૬૩ રૂપિયા સુધીના નોંધાયા હતા. ૨૯ ફેબ્રુઆરીના રોજ મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી. જેમાં એક મણના નીચા ભાવ ૯૦૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧,૧૧૯ રૂપિયા સુધી રહ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉં ની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૪૫૧ રૂપિયાથી લઈને ૬૧૩ રૂપિયા સુધીના નોંધાયા હતા. આ ઉપરાંત બાજરીની હરાજી કરવામાં આવી હતી.

**વિશેષ** એસ.એસ. સી અને એચ.એસ.સી પરીક્ષા માર્ચ-૨૦૨૪ અંતર્ગત ખેડા જિલ્લામાં કુલ ૬૮ કેન્દ્રો પર ધો. ૧૦ અને ૧૨ના અંદાજિત ૪૬,૨૯૭ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે

# રાજ્યમાં આગામી સમયમાં યોજાનાર ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષાના આયોજન બાબતે શિક્ષણ વિભાગ દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજાઈ

### જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં ખેડા જિલ્લા પરીક્ષા સમિતિના સભ્યોએ આ વિડીયો કોન્ફરન્સમાં જોડાઈને જિલ્લામાં બોર્ડ પરીક્ષા અંગે એક્શન પ્લાન-૨૦૨૪ રજૂ કર્યો

। (માહિતી) નડિયાદ ।

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ૧૧ માર્ચના રોજ એસ.એસ.સી અને એચ.એસ.સી બંને બોર્ડ પરીક્ષા ખેડા જિલ્લામાં સૌહાર્દ વાતાવરણથી લેવાય તે માટે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર, રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, શિક્ષણ સચિવ શ્રી રાવ અને બોર્ડના અધ્યક્ષ ડો. બંછાનિધિ પાણી દ્વારા વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં ખેડા જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં ખેડા જિલ્લા પરીક્ષા સમિતિના સભ્યો આ વીડીયો કોન્ફરન્સમાં જોડાયા હતા. બોર્ડ પરીક્ષા વખતે કઈ કઈ બાબતોની કાળજી રાખવી, શું વ્યવસ્થા કરવી, વિદ્યાર્થીઓના હિતાર્થે સુંદર આયોજનમાં પરીક્ષા લેવાય તે માટે ખેડા જિલ્લા પરીક્ષા સમિતિએ એક્શન પ્લાન ૨૦૨૪ વીડિયો કોન્ફરન્સમાં રજૂ કર્યો હતો.

જિલ્લા કલેક્ટરશ્રીએ ખેડા જિલ્લાની બોર્ડ પરીક્ષા પારદર્શક રીતે લેવાય તે માટે સ્થળ સંચાલકોની તેમજ સુપરવાઇઝર શિક્ષકોની મીટીંગ લઈને બોર્ડ પરીક્ષાના આયોજન માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષાઓ તા. ૧૧/૦૩/૨૦૨૪ થી ૨૬/૦૩/૨૦૨૪ દરમિયાન યોજાશે. પરીક્ષાના





આયોજન સંદર્ભે પરીક્ષાના બિલ્ડીંગ, બ્લોક તથા વિદ્યાર્થીઓની સંખ્યા, પ્રતિબંધાત્મક હુકમો તથા જાહેરનામું, પરીક્ષા કેન્દ્ર પર મોબાઈલ ફોન, બ્લ્યુ ટુથ તેમજ કોઈપણ પ્રકારના વીજાણુ ઉપકરણનાં પ્રતિબંધ, સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો પર તથા વિજ્ઞાન પ્રવાહના કેન્દ્રો ઉપર વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીશ્રીઓને સ્કવોર્ડ નિયુક્તિ, પરીક્ષાકેન્દ્રની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ, પરીક્ષા કેન્દ્ર ખાતે ગેરરીતિ માસ કોપી કે સ્ટાફની અન્ય બેદરકારીએ બદલ શિક્ષાત્મક કાર્યવાહી, પરીક્ષા કેન્દ્રો પર CCTV કેમેરાની સગવડ બાબત તેમજ CCTV કેમેરીના ફૂટેજ જોવાની ટીમ અને વિદ્યાર્થીઓ માટે કાઉન્સેલિંગ તથા હેલ્પલાઈનની વ્યવસ્થા માટે સારથી હેલ્પ લાઈનની શરુ કરવા સહિતના મહત્વના મુદ્દાઓ પર આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

નોંધનીય છે કે એસ.એસ. સી અને એચ.એસ.સી પરીક્ષા માર્ચ -૨૦૨૪ અંતર્ગત ખેડા જિલ્લામાં કુલ ૬૮ કેન્દ્રો, ૧૫૭ પરીક્ષા સ્થળ અને ૧૬૮૦ બ્લોક પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધો. ૧૦ અને ૧૨ ના અંદાજિત ૪૬,૨૯૭ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહેશે. જેમાં કુલ ૧૫૭ સ્થળ સંચાલકો, ૧૭૬૫ બ્લોક સુપરવાઈઝર, ૧૫૭ વહીવટી કર્મચારીઓ, ૧૮૪ ઝોનલ પ્રતિનિધિઓ દ્વારા સમગ્ર બોર્ડ પરીક્ષાનું સંચાલન કરવામાં આવશે. સમગ્ર પરીક્ષા શાંતિમય વાતાવરણમાં લેવાય તે માટે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેશ ગઢીયાએ પરીક્ષા સ્થળ સુરક્ષા માટે સંપૂર્ણ પોલીસ સ્ટાફ પૂર્ણ પાડવા અને વ્યવસ્થામાં મદદ કરવા જણાવ્યુ હતુ.

આ પ્રસંગે ખેડા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાજેશ ગઢિયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, જીઈબી, એસ.ટી સહિત વિભાગના પરીક્ષા સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

# આસામમાં સીએએના વિરોધમાં નવ માર્ચે ૧૨ કલાકની ભૂખ હડતાળ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

આસામમાં નાગરિકતા સુધારો કાયદા (સીએએ) વિરુદ્ધ ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયન (આસૂ) સહિત ૩૦થી વધુ સંગઠનોએ પ્રદર્શન કરવાનું એલાન કરી દીધુ છે. એએએસયુના અધ્યક્ષ ઉત્પલ શર્માએ કહ્યુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આસામ પ્રવાસ દરમિયાન ૯ માર્ચે તમામ જિલ્લામાં ૧૨ કલાકની ભૂખ હડતાળ સહિત આંદોલન કરવામાં આવશે.

ઉત્પલ શર્માએ કહ્યુ કે સીએએ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં ઘણા કેસ ચાલી રહ્યા છે. ૩૦ સ્વદેશી સંગઠનોના પ્રતિનિધિઓની સાથે બેઠક બાદ એએએસયુના અધ્યક્ષ ઉત્પલ શર્માએ કહ્યુ કે સીએએ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં ઘણા કેસ ચાલી રહ્યા છે અને દરમિયાન તેને લાગુ કરવાની જાહેરાત કરવી લોકોની સાથે ઘોર અન્યાય છે. તેમણે કહ્યુ, આસામના લોકોએ ક્યારેય પણ સીએએનો સ્વીકાર કર્યો નથી અને જો તેને લાગુ કરવામાં આવે છે તો તે




તરફ આગળ વધારવામાં આવેલા દરેક પગલાનો વિરોધ કરીશુ. તેમણે કહ્યુ કે કાયદાકીય લડતની સાથે-સાથે આપણે કેન્દ્રના નિર્ણય વિરુદ્ધ લોકતાંત્રિક અને શાંતિપૂર્ણ આંદોલન ચાલુ રાખીશુ. ઉત્પલ શર્માએ કહ્યુ કે સીએએ વિરોધી આંદોલન ૪ માર્ચે દરેક જિલ્લા કાર્યાલયમાં મોટરસાઈકલ રેલીઓની સાથે શરૂ થશે અને એક મશાલ જુલૂસ પણ કાઢવામાં આવશે. તેમણે કહ્યુ, અમે તેના વિરુદ્ધ દરેક જિલ્લા મુખ્યાલયમાં મશાલ જુલૂસ કાઢીશુ અને રાજ્યભરમાં આંદોલન પણ કરીશુ. શર્માએ કહ્યુ, જ્યારે વડાપ્રધાન ૮ માર્ચે આસામ આવશે તો એએએસયુ અને ૩૦ અન્ય સંગઠન તે પાંચ યુવકોની તસવીરોની સમક્ષ દીવો પ્રગટાવશે જે ૨૦૧૯માં સીએએ વિરોધી પ્રદર્શનો દરમિયાન પોલીસની ફાયરિંગમાં મૃત્યુ પામ્યા હતા.

વડાપ્રધાન ૮ માર્ચથી આસામના બે દિવસીય પ્રવાસ પર હશે. આ દરમિયાન તેઓ કાઝીરંગા નેશનલ પાર્કમાં જંગલ સફારી કરશે. ૧૭મી સદીના અહોમ સેના કમાન્ડર લાચિત બોરફુકનની ૧૨૫ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરશે અને શિવસાગર મેડીકલ કોલેજનો શિલાન્યાસ કરશે અને ૫.૫ લાખ વડાપ્રધાન આવાસ યોજનાથી બનેલા ઘરોનું ઉદ્ઘાટન કરશે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પહેલા જ પોતાના ભાષણોમાં સીએએના એલાનની વાત કહી ચૂક્યા છે. તેમણે સીએએ અંગે કહ્યુ કે ૨૦૧૯માં કાયદો પસાર થયો હતો. આ અંગે નિયમ જાહેર કર્યા બાદ લોકસભા ચૂંટણી પહેલા લાગુ કરવામાં આવશે. સીએએ દેશનો કાયદો છે. તેનું નોટિફિકેશન નક્કી રીતે થઈ જશે. ચૂંટણી પહેલા જ સીએએ અમલમાં આવવાનું છે જેમાં કોઈએ કન્ફ્યૂઝન રાખવુ જોઈએ નહીં. અમિત શાહની આ જાહેરાત બાદથી ઘણા રાજ્યોમાં હલચલ છે તો આસામે સીએએ વિરુદ્ધ ફરીથી પ્રોટેસ્ટ કરવાનું એલાન કરી દીધુ છે. વર્ષ ૨૦૧૯માં જ્યારે સીએએ વિરોધી પ્રોટેસ્ટ થયા હતા ત્યારે આ દરમિયાન દેશભરમાં હિંસાની સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ હતી. અને જાનહાનિ પણ થઈ હતી. આસામમાં ખૂબ ઉગ્ર પ્રદર્શન થયા હતા. આ પ્રદર્શન દરમિયાન પાંચ યુવકોના મોત થઈ ગયા હતા. હવે એકવાર ફરી આસામના સંગઠનોએ સીએએ ના વિરોધમાં પ્રોટેસ્ટનું એલાન કર્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### વિશ્વના અનેક દેશોમાં વસંત ઋતુનું વહેલું આગમન થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ક્લાઈમેટ ચેન્જના કારણે દુનિયામાં તાપમાન વધી રહ્યું છે, દરિયાની સપાટીમાં વધારો થઈ રહ્યો છે અને ગ્લેશિયર પણ પીગળી રહ્યા છે. હવે વિશ્વના લોકો એક નવો અનુભવ પણ કરી રહ્યા છે. દુનિયાના ઘણા દેશોમાં વસંત ઋતુનુ વહેલુ આગમન થઈ ગયુ છે. આ વર્ષે પણ ફેબ્રુઆરી મહિનામાં અપેક્ષા કરતા વધારે ગરમી પડી છે અને તેના કારણે વસંત ઋતુના આગમનના એંધાણ પણ સમય કરતા વહેલા દેખાયા છે. જાપાનથી મેક્સિકો સુધી વિવિધ પ્રકારના ફૂલો વહેલા ખીલી ગયા છે અને યુરોપમાં સ્કિઈંગ માટેના રિસોર્ટની આસપાસથી બરફ ગાયબ થઈ ગયો છે. અમેરિકાના ટેક્સાસમાં ૩૮ ટકા ડિગ્રી ટેમ્પરેચર અત્યારથી નોંધાયુ છે. અમેરિકામાં હવામાન વિભાગ આંકડા એકત્રિત કરી રહ્યુ છે અને પ્રાથમિક અનુમાન એવુ છે કે, સતત નવમા મહિનામાં તાપમાનનો રેકોર્ડ તૂટે તેવા ભણકારા વાગી રહ્યા છે.

### કોંગ્રેસના નેતા ડો. અઝીઝ કુરેશીનું ૮૩ વર્ષની ઉંમરે નિધન

। (એજન્સી) ભોપાલ, તા.૧ ।

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ત્રણ વખતના પૂર્વ રાજ્યપાલ ડૉ.અઝીઝ કુરેશીનું ૮૩ વર્ષની ઉંમરે નિધન થયું છે. તેઓ લાંબા સમયથી બિમાર હતા. થોડા દિવસો પહેલા આરોગ્ય લથડતા તેમને ભોપાલની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમણે હોસ્પિટલમાં જ શુક્રવારે અંતિમ શ્વાસ લીધા. ડૉ. અઝીઝ કુરેશીનો જન્મ ૨૪ એપ્રિલ ૧૯૪૦માં ભોપાલમાં થયો હતો. તેમણે ૧૯૮૪માં મધ્ય પ્રદેશના સતના બેઠક પરથી લોકસભા ચૂંટણી લડી પ્રથમ વખત સાંસદ બન્યા હતા. ત્યારબાદ તેઓ મધ્યપ્રદેશ કોંગ્રેસચૂંટણી કમિટીના સચિવ, ભારતીય યુવા કોંગ્રેસના સંસ્થાપક સભ્ય પણ બન્યા હતા.


**મિસાઈલ વિમાન-ડ્રોનને ગણતરીમાં નષ્ટ કરશે**

# સ્વદેશી વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ

**વીએસએચઓઆરએડીએસનું વજન ૨૦.૫ કિલોગ્રામ હોય છે, તેની લંબાઈ ૬.૭ ફૂટ છે અને વ્યાસ ૩.૫ ઈંચ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) એ ૨૮ અને ૨૯ ફેબ્રુઆરીના રોજ ઓડિશાના દરિયાકાંઠે ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ (આઈટીઆર) ચાંદીપુર ખાતે વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. આ એર ડિફેન્સ સિસ્ટમ રશિયાના એસ-૪૦૦ની જેમ જ છે. આ મિસાઈલની સ્પીડ એર ડિફેન્સ સિસ્ટમના હિસાબે શ્રેષ્ઠ છે. તેનાથી દુશ્મનના યાન, વિમાન, હેલિકોપ્ટર અને ડ્રોનને ભાગવાની કે બચવાની તક નહીં મળે. વીએસએચઓઆરએડીએસનું વજન ૨૦.૫ કિલોગ્રામ હોય છે. તેની લંબાઈ ૬.૭ ફૂટ છે અને વ્યાસ ૩.૫ ઈંચ છે. તે પોતાની સાથે ૨ કિલોગ્રામ વજનનું હથિયાર લઈ જઈ શકે છે. તેની



રેન્જ ૨૫૦ મીટરથી ૬ કિલોમીટર છે. તે મહત્તમ ૧૧,૫૦૦ ફૂટ સુધી જઈ શકે છે. મહત્તમ ઝડપ મેક ૧.૫ એટલે કે પ્રતિ કલાક ૧૮૦૦ કિ.મી. છે. અગાઉ તેનું પરીક્ષણ ગત વર્ષે માર્ચમાં અને ૨૦૨૨માં ૨૭ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. વીએસએચઓઆરએડીએસને જમીન પર સ્થિત મેન પોર્ટેબલ લોન્ચરથી છોડવામાં આવ્યુ હતુ. એટલે કે કોઈપણ તેને સરળતાથી કોઈ પણ જગ્યાએ લઈ જઈ શકે છે અને તેને છોડી શકે છે. પછી ભલે તે ચીનની સરહદે આવેલા હિમાલયના પર્વતો હોય કે પછી પાકિસ્તાનને અડીને આવેલી રણની સરહદ હોય. તેનાથી વિમાન, ફાઈટર જેટ, હેલિકોપ્ટર, મિસાઈલ કે ડ્રોનને નીચે પાડી શકાય છે. વીએસએચઓઆરએડીએસ મૂળભૂત રીતે એક ટૂંકા અંતરની ઈન્ટરસેપ્ટર મિસાઈલ છે. જેમ રશિયાની એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમની છે.

ખાસ વાત એ છે કે આ એર સિક્યોરિટી સિસ્ટમ દેશમાં જ વિકસાવવામાં આવી છે. તેને બનાવવામાં ડીઆરડીઓની મદદ હૈદરાબાદ સ્થિત રિસર્ચ સેન્ટર બિલ્ડિંગે કરી છે. આ મિસાઈલમાં અનેક પ્રકારની નવી આધુનિક ટેક્નોલોજી લગાવવામાં આવી છે. જેમ કે- ડ્યુઅલ બેન્ડ આઈઆઈઆર સીકર, મિનિએચર રિએક્શન કંટ્રોલ સિસ્ટમ, ઈન્ટીગ્રેટેડ એવિઓનિક્સ.

**દરેક નવો મહિનો તેની સાથે કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો લાવે છે**

# ફાસ્ટેગથી લઈને જીએસટી સહિતના ઘણાં બધા નિયમો બદલાઈ ગયા

**માર્ચ મહિનામાં GST, Fastag, LPG-CNGની કિંમતો અને Paytm પેમેન્ટ્સ બેંક સંબંધિત ફેરફારો થયા છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નવો મહિનો એટલે કે માર્ચ ૨૦૨૪ આજથી શરૂ થશે. દર નવો મહિનો પોતાની સાથે કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો લઈને આવે છે. માર્ચ ૨૦૨૪થી દેશમાં ઘણા મહત્વપૂર્ણ ફેરફારો થવા જઈ રહ્યા છે. આ ફેરફારોની સીધી અસર સામાન્ય માણસ પર પડશે. આવી સ્થિતિમાં તેમના વિશે માહિતી હોવી ખૂબ જ જરૂરી છે. માર્ચ મહિનામાં GST, Fastag, LPG-CNGની કિંમતો અને Paytm પેમેન્ટ્સ બેંક સંબંધિત ફેરફારો થયા છે. કેન્દ્ર સરકારે ૦૧ માર્ચ, ૨૦૨૪થી GSTના નિયમોમાં મોટા ફેરફારો કરવાનો નિર્ણય લીધો છે. આ ફેરફાર હેઠળ હવે ૫ કરોડ રૂપિયાથી વધુનું ટર્નઓવર ધરાવતા વેપારીઓ ઈ-ઈનવોઈસ




વિના ઈ-વે બિલ ઈશ્યુ કરી શકશે નહીં. આ નિયમ ૧લી માર્ચથી લાગુ કરવામાં આવશે. ૧ માર્ચથી, રૂ. ૫ કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતા વ્યવસાયો તમામ B2B વ્યવહારો માટે ઈ-ઈનવોઈસ વિગતોનો સમાવેશ કર્યા વિના ઈ-વે બિલ જારી કરી શકશે નહીં. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ શાસન હેઠળ, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ૫૦,૦૦૦ રૂપિયાથી વધુની કિંમતનો માલ મોકલવા માટે ઈ-વે બિલની જરૂર પડે છે. માર્ચ મહિનામાં જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકોમાં ૧૨ દિવસની રજાઓ રહેશે. તેમાં શનિવાર અને રવિવારની સાપ્તાહિક રજાઓનો પણ સમાવેશ થાય છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ બેંક હોલીડે કેલેન્ડર મુજબ, ૧૧ અને ૨૫ માર્ચે બેંકો બંધ રહેશે કારણ કે તે બીજા અને ચોથા શનિવાર છે. હોળી પણ ૨૫મી માર્ચે છે. આ સિવાય ૫, ૧૨, ૧૯ અને ૨૬ માર્ચે રવિવાર હોવાથી બેંક શાખાઓ બંધ રહેશે. એલપીજી, સીએનજી અને પીએનજીના ભાવ દર મહિનાની પહેલી તારીખે બદલાય છે. જોકે, છેલ્લા મહિનામાં ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી. કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં અનેક વખત ફેરફાર કરવામાં આવ્યા છે. એવું માનવામાં આવે છે કે માર્ચ ૨૦૨૪ થી એલપીજી સિલિન્ડરની કિંમતોમાં ફેરફાર થઈ શકે છે.



ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ ઓડિશાના કટક ખાતે બ્રહ્માકુમારીની સુવર્ણ જયંતિની ઉજવણી દરમિયાન દીપ પ્રગટાવ્યું હતું.

**ડોનાલ્ડ ટ્રમ્પના આકરા તેવર**

# ચૂંટણીમાં સત્તા મળશે તો ૧૮ મિલિયન લોકોને ડિપોર્ટ કરવાની વાત કરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

ડોનાલ્ડ ટ્રમ્પે મેરિલેન્ડના નેશનલ હાર્બરમાં ૨૪ ફેબ્રુઆરીના દિવસે આપેલી એક સ્પીચની હાલ અમેરિકામાં ખાસ્સી ચર્ચા થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૪માં થનારી પ્રમુખપદની ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષના સૌથી આગળ ચાલી રહેલા કેન્ડિડેટ છે, અને પોતાના ઈમિગ્રન્ટ્સ પ્રત્યેના કટ્ટર વલણને કારણે પણ તેઓ હાલના દિવસોમાં સમાચારોમાં છવાયેલા છે. ટ્રમ્પ અગાઉ પણ માઈગ્રન્ટ્સને



લઈને આકરા વેણ ઉચ્ચારી ચૂક્યા છે, પરંતુ મેરીલેન્ડમાં થયેલી કન્ઝર્વેટિવ પોલિટિકલ એક્શન કોન્ફરન્સની વાર્ષિક સભામાં ટ્રમ્પે પોતાને જો સત્તા મળી તો ૧૮ મિલિયન મતલબ કે ૧.૮ કરોડ અનડોક્યુમેન્ટેડ માઈગ્રન્ટ્સને ડિપોર્ટ કરવાની વાત કરી છે. ટ્રમ્પે સવા કલાકથી પણ વધુ લાંબી પોતાની આ સ્પીચમાં સાડા દસ મિનિટ સુધી માત્ર માઈગ્રન્ટ્સ પર વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી જીત્યા બાદ તેઓ પહેલું કામ મેક્સિકો બોર્ડરને સીલ કરવાનું કરશે અને માઈગ્રન્ટ્સને અમેરિકામાં ઘૂસણખોરી અટકાવીશું અને બાઈડનના શાસનકાળમાં જેટલા પણ લોકો અમેરિકામાં ઈલીગલી ઘૂસ્યા છે તે તમામ લોકોને પાછા મોકલવામાં આવશે.

**ચીનના જહાજોના હિન્દ મહાસાગરમાં આંટાફેરા**

# ભારતની ચિંતા બાદ શ્રીલંકાએ ચીનના જહાજને રોકાણની મંજૂરી ન આપી

**શ્રીલંકાએ તમામ દેશોના રિસર્ચ માટેના જહાજોને પોતાને ત્યાં નહીં રોકાવા દેવાનુ નક્કી કર્યુ, ચીનના પેટમાં તેલ રેડાયું**

। (એજન્સી)કોલંબો, તા.૧ ।

ચીનના જહાજો રિસર્ચના નામે જાસૂસી કરવા માટે હિન્દ મહાસાગરમાં આંટાફેરા કરતા રહે છે અને ઘણી વખત શ્રીલંકાના બંદરો પર રોકાતા હોય છે. આ વખતે ભારતના દબાણ હેઠળ શ્રીલંકાએ ચીનના જહાજોને પોતાના બંદરો પર રોકાવા માટે મંજૂરી નહીં આપ્યા બાદ ચીન રોષે ભરાયુ છે. શ્રીલંકાના મીડિયા રિપોર્ટ પ્રમાણે ચીનના સંશોધક જહાજોને જાન્યુઆરી મહિનામાં દેશમાં રોકાણ કરવા માટે સરકારે મંજૂરી આપી નહોતી અને તેના કારણે ચીનની સરકાર નારાજ થઈ છે. જોકે શ્રીલંકાએ તમામ દેશોના રિસર્ચ માટેના જહાજોને પોતાને ત્યાં નહીં



રોકાવા દેવાનુ નક્કી કર્યુ છે પણ તેની સૌથી વધારે અસર ચીન પર પડશે તે નક્કી છે. ઉપરાંત ચીન તો શ્રીલંકાને લોન આપ્યા બાદ તેના પર વારંવાર અધિકાર જતાવતું રહ્યું છે. શ્રીલંકાએ લીધેલા ઉપરોકત નિર્ણય પાછળ ભારતની ચિંતા જવાબદાર હોવાનુ મનાઈ રહ્યુ છે. કારણકે રિસર્ચના નામે શ્રીલંકાના બંદર પર રોકાતા ચીનના જહાજોનો ઈરાદો ભારતની નૌસેનાની જાસૂસી કરવાનો હોય છે તેવી લાગણી ભારત સરકાર શ્રીલંકા સમક્ષ વ્યક્ત કરી ચુકેલી છે. જેના કારણે શ્રીલંકાએ ચીનના જહાજ જિયાંગ યાંગ હોંગને જાન્યુઆરી મહિનામાં રુક જાવ...નો આદેશ આપી દીધો હતો. ચીનનું આ જહાજ દક્ષિણ હિન્દ મહાસાગરમાં શોધખોળ કરવા માટે આવી રહ્યું હતું. એ પછી ચીનના મીડિયાએ શ્રીલંકાનો વિરોધ કરતા અહેવાલો પ્રકાશિત કર્યા હતા.એવુ પણ મનાઈ રહ્યું છે કે, શ્રીલંકાએ મનાઈ ફરમાવ્યા બાદ આ જહાજને રોકાણ માટે ચીને માલદીવનો સંપર્ક કર્યો હતો. ગત સપ્તાહે આ જહાજ માલદીવ રોકાયુ હતુ.૨૨ ફેબ્રુઆરીએ માલે પહોંચ્યા બાદ જહાજ જિયાંગ યાંગ હોંગ ત્યાંથી ત્રણ દિવસ બાદ રવાના થયુ હતુ.

### ગરુડ દેવ રામ મંદિરના ગર્ભગૃહમાં જોવા મળ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં બનેલા ભવ્ય મંદિરમાં ભગવાન શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ભગવાન શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા પછી ઘણી એવી બાબતો સામે આવી જે કોઈ ચમત્કારથી ઓછી નથી. રામલલાની પ્રતિમા બનાવનાર શિલ્પકાર અરુણ યોગીરાજે પોતે આ ચમત્કારની પુષ્ટી કરી છે. તેમણે કહ્યું કે જ્યારે મેં બનાવેલી મૂર્તિ ગર્ભગૃહની અંદર ગઈ તો તેના હાવભાવ બદલાઈ ગયા અને આંખો બોલવા લાગી હતી. અરુણ યોગી રાજે કહ્યું કે ગર્ભગૃહની બહાર મૂર્તિની છબી અલગ હતી, પરંતુ જ્યારે મૂર્તિને ગર્ભગૃહમાં દાખલ કરવામાં આવી ત્યારે તેની આભા બદલાઈ ગઈ. મે તેનો અનુભવ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે મેં ગર્ભગૃહમાં મારી સાથે હાજર લોકોને પણ કહ્યું હતું કે આ કોઈ દૈવી ચમત્કાર છે.

**ઈસરોના નવા પ્રક્ષેપણ સંકુલની જાહેરાત પર વિવાદ**

# ઈસરોના રોકેટ પર ચીનનો રાષ્ટ્રધ્વજ ડિઝાઈનરની નાનકડી ભૂલ : ડીએમકે

**પાર્ટી વતી આ જાહેરાત આપનારા મંત્રીએ ભારપૂર્વક કહ્યું કે આ માત્ર એક સામાન્ય અને નાનકડી ભૂલ હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ઈસરો એટલે કે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના નવા પ્રક્ષેપણ સંકુલને લગતી એક જાહેરાત વિવાદનું કારણ બની ગઈ છે. મામલો એવો છે કે આ જાહેરાતમાં ઈસરોના રોકેટ પર ચીનનો રાષ્ટ્રધ્વજ લગાવી દેવામાં આવ્યો હતો જેને લઈને તમિલનાડુમાં વિવાદ ચગ્યો છે. આ ઘટનાના એક દિવસ બાદ સત્તાધારી પક્ષ દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)ના નેતા અને મત્સ્યોદ્યોગ મંત્રી અનિતા આર રાધાકૃષ્ણને કહ્યું કે આ ડિઝાઈનરની ભૂલ હતી. પાર્ટી વતી આ જાહેરાત આપનારા મંત્રીએ ભારપૂર્વક કહ્યું કે આ માત્ર



એક સામાન્ય અને નાનકડી ભૂલ હતી, ડીએમકેનો કોઈ એવો ઈરાદો નહોતો. તેમણે કહ્યું કે જાહેરાતમાં આ એક નાનકડી ભૂલ હતી. અમારો અન્ય કોઈ ઈરાદો નહોતો. અમારા દિલમાં ભારત પ્રત્યે ઘણો પ્રેમ છે. રાધાકૃષ્ણને કહ્યું કે તેમની પાર્ટીનું વલણ છે કે ભારત અખંડ રહે અને દેશમાં જાતિ કે ધર્મના આધારે સંઘર્ષને સ્થાન ન મળે. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે સૌથી પહેલા ડીએમકેના દિવંગત નેતા એમ.કરુણાનિધિએ તમિલનાડુમાં કુલશેખરાપટ્ટિનમ ખાતે નવા ઈસરો પ્રક્ષેપણ સંકુલની માંગણી કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન અને થુથુકુડીના લોકસભા સાંસદ કનિમોઝીએ કેન્દ્રને રાજ્યમાં પ્રક્ષેપણ કેન્દ્રની સ્થાપના કરવા અપીલ કરી હતી. મંત્રી રાધાકૃષ્ણને કહ્યું કે આ જ કારણ છે કે આ પ્રોજેક્ટને તમિલનાડુમાં લાવવા માટે ડીએમકે નેતાઓ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને પ્રકાશિત કરવા માટે અખબારોમાં જાહેરાત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# તંત્રી લેખ...

## રશિયાના મહાકુંભમાં ભાગ લેવા ૧૮૦ દેશોમાંથી હજારો લોકો જોડાઈ રહ્યા છે

રશિયાના મહાકુંભમાં ભાગ લેવા માટે ૧૮૦ દેશોમાંથી હજારો લોકો જોડાઈ રહ્યા છે. રશિયા અને નાટો વચ્ચે સીધા સંઘર્ષની આશંકા વચ્ચે રશિયામાં ૧ માર્ચથી વર્લ્ડ યુથ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રશિયાના સોચી શહેરમાં ૭ માર્ચ સુધી ચાલનારા આ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં વિશ્વભરમાંથી લગભગ ૨૦ હજાર યુવાનો ભાગ લે તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભારતમાંથી ૩૪૦ થી વધુ લોકોનું મોટું પ્રતિનિધિમંડળ પણ પહોંચ્યું છે. રશિયા માને છે કે આ એક વૈશ્વિક પ્લેટફોર્મ છે જ્યાં વિવિધ દેશોના લોકોની વિવિધતાઓ વચ્ચે સુમેળ અને ઉકેલ શોધવાના પ્રયાસો કરવામાં આવશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આદેશ પર આયોજિત આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનો હેતુ રશિયા અને બાકીના વિશ્વની નવી પેઢીને જોડવાનો છે. આ મહાકુંભમાં ભાગ લેવા માટે વેપાર, મીડિયા, શિક્ષણ, સંસ્કૃતિ, વિજ્ઞાન, રમતગમત અને આંતરરાષ્ટ્રીય શાંતિના ક્ષેત્રો સાથે સંકળાયેલા ૧૮૦ દેશોના લોકો માટે આ વૈશ્વિક પ્લેટફોર્મ છે. આ પ્લેટફોર્મ દરેકને તેમના મંતવ્યો રજૂ કરવાની અને અન્યના મંતવ્યો સાંભળવા અને સમજવાની તક પૂરી પાડે છે. આ કાર્યક્રમ દ્વારા રશિયાએ પશ્ચિમી દેશોને સંદેશ આપ્યો છે કે અમેરિકા અને પશ્ચિમી દેશોના રશિયાને અલગ કરવાના પ્રયાસો ક્યારેય સફળ નહીં થાય. પશ્ચિમી દેશોના મીડિયામાં રશિયા વિરુદ્ધ જે ઈમેજ રજૂ કરવામાં આવે છે તેનાથી વિપરિત વર્લ્ડ યુથ ફેસ્ટિવલ વિશ્વભરના હજારો યુવાનોને રશિયા વિશેની વાસ્તવિકતા જાણવા અને સમજવાની તક આપશે. રશિયામાં યુવા મહોત્સવમાં ભાગ લેવા માટે ભારતીય પ્રતિનિધિમંડળ ૨૯ ફેબ્રુઆરીએ દિલ્હીથી મોસ્કો જવા રવાના થયું છે. ભારતીય પ્રતિનિધિમંડળના સભ્યોને વિશેષ ચાર્ટર પ્લેન દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ અવસરે ભારતમાં રશિયન દૂતાવાસના અધિકારીઓ પણ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હાજર રહ્યા હતા. દેશના વિવિધ ખૂણેથી આ વિશાળ કાર્યક્રમમાં ભાગ લેવા આવનાર યુવાનોનો ઉત્સાહ જોવાલાયક હતો. તેમણે કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભારતીય સાંસ્કૃતિક વિવિધતાને વિશ્વભરના લોકો સમક્ષ રજૂ કરવાની તક મળશે.

## રાજ્યના હાઉસિંગ બોર્ડના જુના આવાસોના રિ-ડેવલપમેન્ટને વેગ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મહત્વપૂર્ણ જન હિતકારી નિર્ણયો

**ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા વસૂલવામાં આવતી ટ્રાન્સફર ફી, વહીવટી ચાર્જ અને અન અધિકૃત બાંધકામની વપરાશ ફી ની રકમમાં મકાન ધારકોને રાહત**

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત હાઉસિંગ બોર્ડના જુના મકાનોનું રિ-ડેવલપમેન્ટ ઝડપથી થઈ શકે તે હેતુસર કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

આ નિર્ણયો થવાથી આવા મકાનોના રહેણાંકના માલિકી હક્ક અને દસ્તાવેજના થતા પ્રશ્નો નિવારી શકાશે. માલિકી હક્ક પ્રસ્થાપિત નહીં થવાને કારણે ફ્લેટ પ્રકારના મકાનોમાં રિ-ડેવલપમેન્ટ પોલિસીના અમલમાં આવતું વિઘ્ન પણ દૂર થશે.

ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ ક્લિયરન્સ સેલ દ્વારા રાજ્યમાં બનાવવામાં આવેલા મકાનો માટે વસૂલવામાં આવતી ટ્રાન્સફર ફી, વહીવટી ચાર્જ તથા અન અધિકૃત બાંધકામની વપરાશ ફી ની રકમમાં રાહત આપવા અંગે મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજવામાં આવી હતી. આ સુધારા થવાના પરિણામે મકાન ધારકોને મોટી રાહત મળશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા વિસ્તૃત પ્રેઝન્ટેશન કરીને પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા આ બેઠકમાં કરવામાં આવી હતી.

તદઅનુસાર, હાઉસિંગ બોર્ડના મકાનોમાં ટ્રાન્સફર ફી ના કિસ્સામાં મૂળ લાભાર્થી બાદ ઉત્તરોત્તર પાવર ઓફ એટર્નીના આધારે દરેક ટ્રાન્સફર દીઠ લેવાતી ટ્રાન્સફર ફી વન ટાઈમ વસૂલવામાં આવશે.

આ વન ટાઈમ ફી નું ધોરણ ઈડબ્લ્યુએસ માટે રૂ. ૨ હજાર, LIG માટે રૂ. ૧૦ હજાર, MIG માટે રૂ. ૧૪ હજાર અને HIG માટે રૂ. ૨૦ હજાર સૂચવવામાં આવ્યું છે.

ફ્લેટ પ્રકારના મકાનો માટે અન અધિકૃત બાંધકામની વપરાશ ફી હાલ જંત્રીના દરે વસૂલવામાં આવે છે. આના પરિણામ સ્વરૂપે મકાન ધારકો તે ફી ભરી શકતા ન હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે હવે ઉદાર અભિગમ અપનાવીને એવું નક્કી કર્યું છે કે, જંત્રી રેટના બદલે વપરાશ ફી નિયત એટલે કે ફિક્સ કરી દેવાશે.

એટલે કે, ૨૫ ચોરસ મીટર સુધીના અન અધિકૃત બાંધકામ વપરાશની ફી હવે જંત્રી દરને બદલે EWSમાં રૂ.૧૦ હજાર, LIGમાં રૂ. ૨૦ હજાર, MIGમાં રૂ. ૩૦ હજાર અને HIGમાં રૂ. ૬૦ હજાર પ્રમાણે લેવાશે.

આ ઉપરાંત ૨૫ ચોરસ મીટર કરતાં વધારે અન અધિકૃત બાંધકામ વપરાશની ફી પણ જંત્રી દરને બદલે EWSમાં રૂ. ૨૦ હજાર, LIGમાં રૂ. ૪૦ હજાર, MIGમાં રૂ. ૬૦ હજાર અને HIGમાં રૂ. ૧ લાખ ૨૦ હજાર પ્રમાણે નિયત કરી દેવાશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત હાઉસિંગ બોર્ડની યોજનાઓમાં ભાડા ખરીદ સમય પૂરો થાય કે મકાનની ૧૦૦ ટકા રકમ ભરપાઈ કર્યા બાદ વિલંબથી થતા દસ્તાવેજોમાં વિલંબિત ચાર્જ પેટે પ્રતિ વર્ષે રૂ. ૧ હજારના સ્થાને વન ટાઈમ વસુલાત EWS માટે રૂ. ૨ હજાર, LIG માટે રૂ. ૪ હજાર, MIG માટે રૂ. ૬ હજાર અને HIG માટે રૂ. ૧૦ હજાર કરવાનો નિર્ણય પણ કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત હાઉસિંગ બોર્ડના આવાસ ધારકોના વિશાળ હિતમાં તેમને આર્થિક રાહત સાથે ફી ભરવામાં સરળતા આપતા આ નિર્ણયો કર્યા છે.

આવા જન હિતકારી નિર્ણયને કારણે જુના અને જર્જરીત મકાનોના રિ-ડેવલપમેન્ટની પ્રક્રિયા સુગમ અને ઝડપથી થવાને કારણે ઈઝ ઓફ લિવિંગ વધશે.

મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, શહેરી વિકાસ અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર, હાઉસિંગ કમિશનર શ્રી સંદીપ વસાવા તેમજ સચિવ શ્રી આર.જી. ગોહિલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**રામચરિત માનસના બાલકાંડનો સાર સુખ પ્રાપ્તિ છે, અને એની ફોર્મુલા પણ દર્શાવવામાં આવી છે, પુરુષાર્થ થી સુખ મળશે**

# સુખ આપણો અધિકાર છે, પણ એ કોઈને દુઃખી કરીને નથી જોઈતું, એ સંકલ્પ પણ અનિવાર્ય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રામચરિતમાનસ સકલ લોગ જગભાવની ગંગા છે, એના સાત કાંડ મુજબ એમાથી સાત વસ્તુઓ તારવી લેવામાં આવે, જે મને ગુરૂકૃપાથી સમજાય છે, મેં જાણ્યું છે જે મેં અનુભવ્યું છે, એ સાત વસ્તુને પકડીને જીવન ધન્ય બનાવી શકાય**

નવમાં દિવસની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, આજે કથાને વિરામ આપવાનો છે. પણ વિદ્યાર્થીઓનાં પ્રશ્નો આવ્યા છે, તો એનાથી આપણે કથાની શરૂઆત કરીએ. બી એચ યુ ના એક વિદ્યાર્થીનો પ્રશ્ન છે કે, બાપુ નવદિવસની કથામાં તો આપે ઘણી બધી વાતો કહી. એમાંથી કેટલીક સંક્ષિપ્ત અને અતિસંક્ષિપ્ત કરીને જણાવશો, જેથી કરીને તેનો જીવન વ્યવહારમાં ઉપયોગ કરીએ અથવા તો ગાંઠે બાંધીને સંસારમાં જઈએ. જવાબમાં પૂજ્ય બાપુએ કહ્યું કે યુવક રામકથા તો અનંત છે, કથા વિસ્તાર પણ અનંત છે, નિર્મળ વિચાર સાથે સાંભળીને તમારા સ્વભાવ માટે હિતકર છે, એ તમારે ચૂંટવાનુ છે. છતાં પણ આપે મને પૂછ્યું છે, અને મારી પ્રેમસભામાં બેઠા છો, તો તમને હું એનો ઉત્તર આપું છું કે સાત વસ્તુ ગાંઠે બાંધવી. રામચરિતમાનસ સકલ લોગ જગભાવની ગંગા છે, એના સાત કાંડ મુજબ એમાથી સાત વસ્તુઓ તારવી લેવામાં આવે, જે મને ગુરૂકૃપાથી સમજાય છે, મેં જાણ્યું છે જે મેં અનુભવ્યું છે, એ સાત વસ્તુને પકડીને જીવન ધન્ય બનાવી શકાય. બાલકાંડનો સાર છે સુખી થવું, દરેક જણાં સુખી થવા જ ઈચ્છે છે! શા માટે સુખી ન થવું? આપણે બધા જ સુખી થવા આવ્યા છીએ. શું કામ દુઃખી થઈએ?

આપણે કયો ગુનો કર્યો છે? સુખી થવું એ આપણો અધિકાર છે. પરંતુ શરત માત્ર એટલી જ છે કે, બીજાને દુઃખી કરીને આપણે સુખી થવું નથી, એવો એક સંકલ્પ પણ સાથે જોડાયેલો હોવો જોઈએ. આપણે યેનકેન પ્રકારે સુખી થવા માંગીએ છીએ, એટલે કે સામ દામ દંડ ભેદ કરીને પણ આપણે સુખી થવું છે, જે આપણા સુખને ટકવા દેતું નથી. તો નિર્ણય કરો કે સુખી થવું છે, પણ બીજાને દુઃખી કરીને નહીં. રામચરિત માનસના બાલકાંડનો સાર સુખ પ્રાપ્તિ છે, અને એની ફોર્મુલા પણ દર્શાવવામાં આવી છે, પુરુષાર્થ થી સુખ મળશે. આપણા પ્રારબ્ધથી પણ સુખ મળશે પરંતુ એ સુખ સાપેક્ષ હશે, એટલે કે એની સાથે સદૈવ દુઃખ જોડાયેલું હશે. પરંતુ કોઈના પ્રસાદથી જો સુખ મળશે, તો એમાં દુઃખની સંભાવના નથી, આપણે એવું સુખ જોઈએ છીએ જે પ્રસાદથી પ્રાપ્ત થતું હોય. પ્રસાદથી પ્રાપ્ત થયેલા સુખની પણ વહેંચણી કરવાથી એમાં વૃદ્ધિ થાય છે, એ યાદ રાખવું પણ જરૂરી છે. ઉપનિષદ કહે છે, કે ત્યેન ત્યક્તયેન ભુંજિથા.એટલે પ્રસાદથી પ્રાપ્ત થયેલ સુખ વહેંચો! કારણકે પ્રયાસથી પ્રાપ્ત થયેલું સુખ શાશ્વત નથી. અયોધ્યા કાંડનો સાર, પ્રેમ મહોબ્બત, એટલે કે અતિસુખથી તો ક્યારેક ઉબાઈ જવાય, અને એટલે જ જીવનમાં પ્રેમ મહોબત જોઈએ. સુખ તો બીજ છે, પ્રસાદના સુખનું વર્ધન થાય, એટલા માટે પ્રેમના આંસુ પણ જોઈએ, અને તેનું સિંચન કરવું પડે! એટલે બીજી ગાંઠ વાળી લો કે, અમારે પ્રેમ જોઈએ છે. પ્રેમ આપણી જરૂરિયાત છે, કબીરે તો ડંકાની ચોટ પર કહ્યું, ઢાઈ આખર પ્રેમ કા પઢે સો પંડિત હોય. એકવાર જેને પ્રેમ કરતા આવડી જાય, એ કોના પર પ્રેમ કરવો એ જોતા નથી. એ છોડને પણ પ્રેમ કરે, નદીના કે સમુદ્રના પ્રવાહને પણ પ્રેમ કરે, સુરજના કિરણોને પણ પ્રેમ કરે, દુખીને પ્રેમ કરે, સુખીને પ્રેમ કરે, તિરસ્કૃતને પ્રેમ પ્રેમ કરે, સ્વીકૃતને પ્રેમ કરશે, પ્રેમ જાતપાત નથી જોતો. પ્રેમ ઊંચનીચ નથી જોતો. તું અગર ભૂલ ભી જાયે તો યે હક હે તુમકો, મેરી બાત ઓર હૈ મેને તો મોહબ્બત કી હૈ. એ ગીતની પંક્તિ યાદ કરી કહ્યું કે, પ્રેમ કરનારા સામેવાળાને બધી જ છૂટ આપે છે,પણ પોતે પરમ પ્રેમને નિભાવે છે. ફિલ્મના ગીત પરથી કહ્યું કે સત્ય જ્યાંથી મળે તેને લઈ લો. સુખ આપણો અધિકાર છે, પરંતુ પ્રેમ આપણી જરૂરિયાત છે.

૨૪ કલાકમાં માણસે ત્રણ વાર રોવું જોઈએ, અને એ રીતે એને ત્રિકાળ સંધ્યા કરવી જોઈએ. સવારે ઈશ્વરનો આભાર માનવો જોઈએ, કે તે મને હજી એક વધુ દિવસ આપ્યો. મધ્યાને જ્યારે સૂરજ તપતો હોય, ત્યારે કોઈ અન્યના દુઃખ દર્દ જોઈને આંખ ભીની થવી જોઈએ. એટલે કે સંવેદનાથી એની મદદ થવી જોઈએ, અને આપણે કમજોરીના પૂતળા છીએ. એટલે રાત્રે સૂતી વખતે આંખ ભીની થવી જોઈએ, કે ૨૪ કલાકમાં મારાથી કોઈનું દિલ દુભાયું હોય, મેં કોઈને ઠેસ પહોંચાડી હોય તો, હે પરમાત્મા મને ક્ષમા કરી દે. ત્રીજી વાત છે સત્સંગ, લોકોએ સત્સંગની બહુ ટૂંકી વ્યાખ્યા કરી દીધી છે, કે કોઈ તિલક કરીને બેઠું છે, કોઈ ભજન ગાય છે, કોઈ કથા વાર્તા થાય છે, એ જ સત્સંગ છે. એ તો સત્સંગ છે જ, પરંતુ સત્સંગનો અર્થ એટલો સંકીર્ણ નથી, સત્સંગનું રૂપ વિશ્વરૂપ છે. સારી સોબત એ બહુ જરૂરી છે, પ્રસાદથી પ્રાપ્ત થયેલું સુખ સત્સંગથી વધે છે. સંત ચરિત્રનો સંગ કરવાથી કે સાંભળવાથી જે પ્રેમ મળશે એ સત્સંગ કરતા કરતા આપણને મંજિલ સુધી પહોંચાડશે,એ અરણ્યકાંડનો સાર સત્સંગ છે. ચોથો કાંડ કિષ્કિંધા, એનો સાર મૈત્રી છે, એટલે ચોથી વસ્તુ જીવનમાં મૈત્રીની પણ જરૂરિયાત છે. કોઈ સાથે દુશ્મની નહીં, મૈત્રી મૈત્રીનો મનોરથ કરો, મૈત્રી પતંજલિએ આપેલો શબ્દ છે. કોઈ તમારી સાથે દુશ્મની રાખે તો પણ તમે એની સાથે મૈત્રી રાખો. મૈત્રીનો મનોરથ ભગવાન શંકરની કૃપા વિના પૂરો નથી થતો. પહેલાના જમાનામાં રણ મેદાનમાં શૂરવીર ઢાલ રાખતા હતાં, એમ મિત્ર ઢાલ બનીને ઉભો રહે, એવો હોવો જોઈએ એ સુખમાં પાછળ અને દુઃખમાં આગળ આવે છે. મૈત્રી એ સાધુનું લક્ષણ છે, જે શીતલતા આપે છે. નરસિંહ મહેતાને યાદ કરીને કહ્યું કે, સકલ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે! કોઈ તમારી સામે પ્રણામ કરે કે ન કરે, તમે જાણતાં હો કે ન જાણતા હો, તમે પ્રણામ કરો. પાંચમો સુંદરકાંડ જીવનને સુંદર બનાવવું હોય તો પાંચમું સૂત્ર છે, બીજાને શ્રદ્ધાથી સાંભળો, માત્ર તમારી જ ડીગ ન હાંકો! હું વ્યાસપીઠ પરથી ઘણીવાર તમને લોકોને મોકો આપું છું, તમને પ્રશ્ન પૂછું છું, ક્યારેક અહીં બોલાવું છું, યાર કહું છું, બસ આ રીતે વ્યાસપીઠ તમને જોડી રહી છે. બનારસમા મેં ઘણી કથા ગાઈ છે, પણ આ વખતે વિશેષ આનંદ છે. કારણ કે હું મડદાને કથા સંભળાવી રહ્યો છું, કબી,રે કહ્યું સાધો એ મુરદો કા ગાવ, આમ તો આખી દુનિયા મુરદાનું જ ગામ છે. માનસમાં લખ્યું છે ૧૪ વ્યક્તિ જીવિત હોય તો પણ મૃતક છે.

**કૌલ કામબસ કૃપિન બિમૂઢા,**
**અતિ દરિદ્ર અજસી અતિ બુઢા,**
**સદા રોગબસ સંતત ક્રોધી,**
**બિષ્ણુ બિમુખ શ્રુતિ સંત વિરોધી,**
**તનુ પોષક નિંદક અઘ ખાની,**
**જીવત સવ સમ ચૌદહ પ્રાની.**

૧૪ બ્રહ્માંડ હોય છે, એટલે ૧૪ બ્રહ્માંડમાં મૃત્યુ ક્ષય દરેક જગ્યાએ છે, શાશ્વત કેવળ ધર્મ છે, અને ત્યાં આ રીતે જીવતા લોકો મડદા છે. છઠ્ઠું સૂત્ર છે વિવેક, લંકાકાંડનો સાર વિવેક છે. આપણી ઈચ્છા શક્તિ માટે વિવેક બહુ જરૂરી છે. લંકાકાંડ એ પરિણામનો કાંડ છે, અને એના વિનય, વિવેક, અને વિભૂતિ એ ત્રણ ફળ દર્શાવ્યા છે. યુવક મારું માનો તો લંકાકાંડનું સૂત્ર વિવેક પકડી લો, આપણે વિજય નથી જોઈતો. હારે કો હરીનામ એશ્વર્ય નથી જોઈતું! આપણે ઈશ્વર જોઈએ છે. વિવેકથી શું સત્ય છે? અને શું અસત્ય છે? એ જાણી નિર્ણય કરવો, એટલે કે ક્ષીરનીરને જુદો પાડનારો વિવેક. સાતમો ઉત્તરકાંડ અને ઉત્તરકાંડનું સૂત્ર છે વિશ્રામ! જીવનમાં ઉપરની છ એ વસ્તુઓ હશે, તો વધુને વધુ શ્રમ પણ રહેશે, એટલે પરમ વિશ્રામની આવશ્યકતા બતાવી છે. મને સુખનો અધિકાર છે પ્રેમની જરૂરિયાત છે. હું સત્સંગ ઈચ્છું છું, બધા સાથે મૈત્રી થાય એવો મારો મનોરથ છે, હું સૌને આદરથી સાંભળું, અને મને એશ્વર્ય નહીં ઈશ્વર જોઈએ છે, એ વિવેક મને પ્રદાન કરો એ સાતમુ સૂત્ર છે, એ બધું આવ્યા પછી મને વિશ્રામ પણ પ્રાપ્ત થાય આ છે, સાતે કાંડનો સાર. છેલ્લો દિવસ હોવાથી સંક્ષિપ્તમાં કથાને બાલકાંડથી શરૂ કરી, ઉત્તરકાંડ સુધી લઈ જઈ, કાગભુષંડી ચરિત્રની મહત્તા અને ગરુડે પૂછેલા સાત પ્રશ્નોના ઉત્તરો આપી, સૌનો આભાર માની, આયોજન પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરી કથાના નવદિવસ નું ફળ મણિકર્ણિકા ઘાટ પર જેમણે વિદાય લીધી છે, તમામને સમર્પિત કરી નવમાં દિવસની રામકથાને વિરામ આપ્યો.

**શુદ્ધ ઈન્દ્રિયમાં જ પરમાત્માનો પ્રકાશ થાય છે, આથી ઈન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો, કાળ બગડયો નથી, આપણું કાળજું બગડયું છે**

# શ્રાદ્ધ કરવાથી જીવ સારી યોનિમાં જાય એ ખરું, પણ એ જન્મ મરણના ત્રાસમાંથી છૂટતા નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કથા ભજનમાં ઈશ્વરનો પ્રેમથી જયજયકાર કરવો, માયાની હાર થાય અને મારી જીત થાય. પ્રભુનો જયજય કાર કરો, તો તમારો પણ જય થશે, જીત થશે, નેત્ર અને શ્રોત્રને જે પવિત્ર રાખે છે તેના હૃદયમાં પરમાત્મા આવે છે**

માયા મનને ચંચળ બનાવે છે.માયા મનુષ્યને સમજાવે છેકે,સ્ત્રી વગેરેમાં જ સુખ છે. મનુષ્યને માયા હરાવે છે. મનુષ્યની હાર થાય છે, માયાની જીત થાય છે. કારણ મનુષ્ય ભગવાનનો પાલવ પકડતો નથી. કથા ભજનમાં ઈશ્વરનો પ્રેમથી જયજયકાર કરવો. માયાની હાર થાય અને મારી જીત થાય. પ્રભુનો જયજય કાર કરો, તો તમારો પણ જય થશે, જીત થશે. આ ભાગવતી કથા અતિ દિવ્ય છે. આ કથા જે પ્રેમથી શ્રવણ કરશે તેના કાન દ્વારા પરમાત્મા હૃદયમાં આવશે. નેત્ર અને શ્રોત્રને જે પવિત્ર રાખે છે તેના હૃદયમાં પરમાત્મા આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ કાન દ્વારા, આંખ દ્વારા મનમાં આવે છે. વારંવાર શ્રીકૃષ્ણ કથા સાંભળવા થી શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે છે. આંખ અને કાન એ ભગવાનને હૃદયમાં દાખલ કરવાના દેહના બે દરવાજા-સાધન છે. માટે આંખ અને કાન બંને પવિત્ર રાખો. ત્યાં શ્રીકૃષ્ણને પધરાવો. દરેક સત્કર્મના આરંભમાં શાંતિ પાઠ કરવામાં આવે છે. તેનો મંત્ર છે કે હે દેવ! કાનો વડે અમે ભદ્ર વચનો સાંભળીએ!કાન અને આંખ પવિત્ર થાય પછી સત્કાર્યનો આરંભ થાય. ગોર મહારાજ આંખે,કાને પાણી અડાડવાનું કહે છે તેનું આ રહસ્ય છે. અહીં પણ નેત્ર શ્રોત્રને પવિત્ર કર્યા પછી કથાનો આરંભ થયો છે. શુદ્ધ ઈન્દ્રિયમાં જ પરમાત્માનો પ્રકાશ થાય છે, આથી ઈન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો, કાળ બગડયો નથી. આપણું કાળજું બગડયું છે. આ ભાગવત ગ્રંથમાં અઢાર હજાર શ્લોક છે. અઢાર એટલે ૧+૮ = ૯. અઢારની સંખ્યા પરિપૂર્ણ છે. રામ પરિપૂર્ણ છે તેથી નવમીને દિવસે પ્રગટ થયા છે. શ્રીકૃષ્ણ નવમીએ ગોકુળ આવ્યા ત્યારે નંદમહોત્સવ કરવામાં આવે છે. રામજીની બાર કળા અને શ્રીકૃષ્ણ ની સોળ કળા એવો એ બેઉમાં ભેદ કરશો નહીં. ભાગવતમાં મુખ્ય કથા છે નંદ મહોત્સવની. તેના શ્લોક પણ અઢાર છે. ગીતાજીમાં કુલ અધ્યાય અઢાર છે અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોના શ્લોકો પણ અઢાર છે. ભાગવત નારાયણનું સ્વરૂપ છે. ભગવાન ગોલોક પધાર્યા ત્યારે પોતાનું તેજ સ્વરૂપ આ ગ્રંથમાં પધરાવ્યું તેમ એકાદશ સ્કંધમાં લખ્યું છે તેથી ભાગવત છે તે ભગવાનની સાક્ષાત શબ્દમયી મૂર્તિ. ઉદ્ધવજીએ ભગવાનને પૂછેલું કે, આપના સ્વધામગમન પછી આ પૃથ્વી ઉપર અધર્મ વધશે, ત્યારે ધર્મ કોને શરણે જશે? ભગવાને ત્યારે કહ્યું છે કે મારા ભાગવતનો આશ્રય લેશે તેના ઘરમાં કળિ આવશે નહીં. ભાગવત ભગવાનનું નામ સ્વરૂપ છે. નામસ્વરૂપથી મન શુદ્ધ થયા પછી સ્વરૂપ સેવાનો અધિકાર મળે છે. મનના મેલને દૂર કરવાનું સાધન આ ભાગવતશાસ્ત્ર છે. કથા સાંભળ્યા પછી પાપ કરવાનું ચાલુ રાખશો તો યમદૂતો તરફથી બે ફટકા વધારે પડશે. મનુષ્ય પત્ની, ધન અને ભોજનમાં પ્રેમ કરે છે. પણ પ્રભુમાં પ્રેમ કરતો નથી તેથી દુઃખી છે. રંગદાસ કરીને શેઠ હતા. તે એક વેશ્યામાં અતિ આસક્ત હતા.એક દિવસ રંગદાસ અને તે વેશ્યા રંગનાથના મંદિર પાસેથી જઈ રહ્યા હતા. શ્રીમંત રંગદાસે વેશ્યાને માથે છત્રી ધરી હતી.રામાનુજાચાર્યે મંદિરમાં થી બહાર નીકળતા આ દશ્યજોયું રંગદાસ પર તેમને દયા આવી તેમણે કહ્યું: 'રંગદાસ, તમે આ વેશ્યા ઉપર પ્રેમ કરો છો તે જોઈને મને આનંદ થાય છે. પણ આ સ્ત્રી કરતાં મારા રંગનાથ ઘણા સુંદર છે. તમે એક વખત જુઓ તો ખબર પડે!એમ કહી તેમણે રંગ દાસને એક થપ્પડ મારી. સંતની થપ્પડ કેટલાં પુણ્ય કર્યા હોય ત્યારે મળે. રંગદાસને સમાધિ લાગી ગઈ. તેને રંગનાથનાં દર્શન થયાં. બસ, પછી રંગદાસ એ સ્ત્રીમાં પ્રેમ કરવો ભૂલી ગયા. મનુષ્ય બાલ્યાવસ્થામાં મા સાથે પ્રેમ કરે છે. જરા મોટો થતાં મિત્રો ઉપર પ્રેમ કરે છે. લગ્ન થયાં એટલે પત્ની સાથે પ્રેમ કરે છે ત્યારબાદ પુત્ર ઉપર પ્રેમ કરે છે. ત્યારબાદ પૈસા ઉપર પ્રેમ કરે છે વગેરે. આમ તેનાં પ્રેમપાત્ર બદલાતાં રહે છે માટે ઈશ્વરને પ્રેમનું પાત્ર બનાવો જેથી પ્રેમનું પાત્ર બદલવાનો કદી પ્રસંગ ન આવે. આજકાલ લોકો ભક્તિ બહુ કરે છે, પરંતુ ભગવાનને સાધન માને છે અને સંસારના સુખને હું સાધ્ય માને છે, તેથી ભક્તિ ફળતી નથી. ભગવાનને સાધ્ય માનો, સંસારના સુખને નહીં. કથા કોઈને હસાવવા માટે નથી. કથા ઈશ્વરને રાજી કરવા માટે છે. શ્રોતાઓના હૃદયમાં જે શોક જાગૃત કરે છે તે શુક. કથા શુદ્ધ હૃદયે રડવા માટે છે.જીવનનો આટલો સમય નકામો ગયો વગેરે ભાવ હૃદયમાં જાગે તો આ કથા સાંભળી સાર્થક કથા સાંભળ્યા પછી પણ વૈરાગ્ય ન આવે, પાપ ન છૂટે તો એ કથા સાંભળવી શું કામની?ભાગવતના શ્રવણથી, દર્શનથી, પૂજનથી પાપનો નાશ થાય છે. શ્રીમદ્ ભાગવતના શ્રવણ માત્રથી સદ્ગતિ મળે છે. દૃષ્ટાંત વગર સિદ્ધાંત મનમાં ઠસતો નથી તેથી આત્મદેવ બ્રાહ્મણનું દૃષ્ટાંત કહી કથા શ્રવણનો મહિમા સમજાવે છે. તુંગભદ્રા નદીના કિનારે એક ગામ હતું. ત્યાં આત્મદેવ નામનો એક બ્રાહ્મણ પોતાની પત્ની ધુંધલી સાથે રહેતો હતો. આત્મદેવ પવિત્ર હતો પણ આ ધુંધલી સ્વભાવની ક્રૂર, પારકી પંચાત કરવાવાળી અને ઝઘડાળુ સ્ત્રી હતી. આત્મદેવ નિઃસંતાન હતો. સંતતિના અભાવે તે દુઃખી હતો. તેથી તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. તે માટે તે વનમાં નદીકિનારે આવ્યો. ત્યાં તેને એક મહાત્મા મળ્યા. આત્મદેવ મહાત્મા પાસે દુઃખ રડવા લાગ્યો કે, ખાવાનું ઘણું છે પણ ખાનાર કોઈ નથી, એટલે દુઃખી છું. તેથી આત્મહત્યા કરવા અહીં આવ્યો છું. મહાત્માએ કહ્યું: 'તારે પુત્ર નથી. એમાં ભગવાનની કૃપા છે. છોકરો ન થાય તો સમજવું કે ઠાકોરજીએ મારા હાથે જ બધું ધન વાપરવાનું મારા નસીબમાં લખ્યું છે, એટલા માટે મને પુત્ર આપ્યો નથી. તેથી ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં આનંદ માનવો.' એક વખત એકનાથ મહારાજ વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં દર્શન કરવા ગયા. એકનાથજીને લાયક પત્ની મળી હતી તેથી તેઓ ભગવાનનો ઉપકાર માને છે. એકનાથ મહારાજ કહે છે કે, મને શ્રી સંગ નહીં પણ સત્સંગ મળ્યો છે. તમે અનુકૂળ પત્ની આપી છે, તેથી હું તમારું ભજન કરું છું. થોડીવાર પછી ત્યાં તુકારામ મહારાજ દર્શન કરવા આવ્યા. તુકારામની પત્ની કર્કશા હતી છતાં તુકારામ મહારાજ આ સ્ત્રી આપવા બદલ ભગવાનનો ઉપકાર માને છે. કહે છે કે, તમે પ્રતિકૂળ પત્ની આપી છે એટલે તમારું ભજન કરું છું. સારી પત્ની મળી હોત તો હું તેની પાછળ પડત, તમને ભૂલી જાત. એકનાથજીને અનુકૂળ પત્ની મળી છે તેથી આનંદ છે અને તુકારામને પ્રતિકૂળ પત્ની મળી છે તોય આનંદ છે. નરસિંહ મહેતાના કુટુંબનો નાશ થયો છતાં મહેતાએ તેમાં આનંદ માન્યો અને ગાયું, 'ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજીશું શ્રીગોપાળ. 'એકની પત્ની અનુકૂળ, બીજાની પત્ની પ્રતિકૂળ, ત્રીજાની પત્નીનું મરણ તો પણ આ ત્રણે મહાત્મા ઓ આનંદ માને છે. વૈષ્ણવ તેનું નામ જે પ્રત્યેક પરિસ્થિતિમાં પરમાત્માની કૃપાનો અનુભવ કરે અને મનને શાંત રાખે. માતાપિતાને પુત્ર માટે બહુ ચિંતા હોય છે. પણ પુત્રેષ્ણા પાછળ અનેક વાસનાઓ આવે છે. પુત્રેષ્ણા અને પછી વિત્તેષણા અને પછી લોકેષણા જાગે છે. આત્મદેવે કહ્યું: 'મહારાજ, મને પુત્ર આપો. પુત્ર વિના પિતાની સદ્ગતિ નથી.' મહાત્મા આત્મદેવને સમજાવે છે કે, ભાઈ, પુત્રથી જ સદ્ગતિ થતી નથી કે પુત્રથી ભક્તિ મળતી નથી. પુત્ર જ જો સદગતિ આપી શકતા હોય, તો લગભગ બધાને ત્યાં પુત્ર છે અને તેથી દરેકને સદગતિ મળી જાય. પિતા એવી આશા ન રાખે કે મારો પુત્ર શ્રાદ્ધ કરશે અને હું તરી જઈશ. મારે કાંઈ કરવાનું રહેતું નથી. શ્રાદ્ધ કરવાથી જીવ સારી યોનિમાં જાય એ ખરું,પણ એ જન્મમરણના ત્રાસમાંથી છૂટતા નથી.શ્રાદ્ધ કરવાની ના નથી. શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે, પણ શ્રાદ્ધથી ભક્તિ મળતી નથી.

### ટ્રોલ્સની આગળ ચૂપ થઇ ગઇ એક્ટ્રેસ

# લોખંડેના ડ્રેસિંગ સેન્સની જબરી મજાક

રિયાલિટી શો બિગ બોસ ૧૭ પૂરો થઈ ગયો છે. જો કે આ શો પછી અંકિતા લોખંડે સતત પાર્ટીમાં વ્યસ્ત છે. આ દિવસોમાં અંકિતા લોખંડે અલગ-અલગ પાર્ટીમાં સ્પોટ થતી રહે છે. આ દિવસે અંકિતાનો લુક જોઈને ટ્રોલ્સ ભડક્યા છે. સોશિયલ મિડીયા પર એક્ટ્રેસની આ તસવીરોએ ધમાલ મચાવી દીધી છે. પરંતુ આ વખતે અંકિતાને ટ્રોલર્સે બરાબરની મજાક ઉડાવી છે. એક્ટ્રેસ પાર્ટીમાં ધમાકેદાર એન્ટ્રી લીધી. ફેન્સને અંકિતાનો લુક જરા પણ પસંદ પડ્યો નથી. આ કારણે અંકિતા પર ટ્રોલર્સે નિશાન સાધ્યુ છે. અંકિતા લોખંડે હાલમાં એક ઈવેન્ટમાં પહોંચી હતી. આ ઈવેન્ટમાં અંકિતા એકલી નજરે પડી હતી. એક્ટ્રેસની સાથે એનો પતિ વિક્કી જૈન દેખાયો નહીં. આ ઈવેન્ટમાં અંકિતા લોખંડે બ્લેડ ડ્રેસમાં જોવા મળી. ડીપ નેકમાં એક્ટ્રેસનો બોલ્ડ લુક જોવા મળ્યો છે. એક્ટ્રેસનો ડ્રેસ ઘૂંટણ સુધીનો છે. આ ડ્રેસમાં પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે એક્ટ્રેસે ગળામાં કોઈ એસેસરીઝ પહેરી નથી. આ સાથે વાળને એકદમ કર્લી કર્યા છે. કર્લી વાળ અંકિતા હોટ લુકમાં વધારો કરે છે. અંકિતા લોખંડે આ સમયે પૈપરાઝીને સતત હટકે પોઝ આપતી રહી. એક્ટ્રેસની આ અદા જોઈને ફેન્સ પણ ભડકી ઉઠ્યા છે. અંકિતા લોખંડેનો આ લુક જોઈને ટ્રોલ્સ ખૂબ ખરાબ રીતે ભડક્યા છે. મોટી સંખ્યામાં લોકો એક્ટ્રેસને ટ્રોલ કરી રહ્યા છે. ટ્રોલ્સે હાલમાં અંકિતાનો બરાબરનો ક્લાસ લીધો છે. કેટલાક લોકોએ તો ચુડેલનું ટેગ પણ આપ્યુ છે. એક યુઝર્સે લખ્યુ છે કે અંકિતાએ પોતાના દિલ જેવો ડ્રેસ પહેર્યો છે. અંકિતાને તમે તસવીરમાં જોઈ શકો છો કે બે હાથ જોડતી નજરે પડે છે. એક્ટ્રેસે ફેન્સનું પ્રેમ મેળવીને ખૂબ ખુશ થઈ. બોલિવૂડ એક્ટ્રેસ અંકિતા લોખંડે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બની કાસ્ટિંગ કાઉચનો શિકાર, કહ્યું, તેણે મને અંદર બોલાવી અને બોલિવૂડ એક્ટ્રેસ અંકિતા લોખંડે પ્રખ્યાત ટીવી અભિનેત્રીઓમાંની એક છે. ત્યારબાદ અંકિતાએ હાથ જોડીને બધાનો આભાર માન્યો. આ સમયે અંકિતા એકદમ અલગ લુકમાં જોવા મળી હતી. જો કે આવું પહેલી વાર નથી થયુ કે અંકિતા લોખંડે એના લુકને કારણે ટ્રોલ થઈ હોય. પહેલાં અનેક વાર અંકિતા લોખંડે ટ્રોલ થઈ છે.



**રિયાલિટી શો બિગ બોસ ૧૭ પૂરો થઇ ગયો છે, જો કે આ શો પછી અંકિતા લોખંડે સતત પાર્ટીમાં વ્યસ્ત છે**

ગયા વર્ષે તેણે સલમાન ખાનના રિયાલિટી શો બિગ બોસ ૧૭માં ભાગ લીધો હતો અને ઘણી ચર્ચામાં રહી હતી. અંકિતા લોખંડેએ તેના પતિ વિકી જૈન સાથે આ શોમાં એન્ટ્રી કરી હતી. હવે બિગ બોસ ૧૭ પછી અભિનેત્રી ઘણીવખત ઈન્ટરવ્માં તેના અંગત અને વ્યાવસાયિક જીવન વિશે ખુલીને વાત કરે છે. આ દરમિયાન અંકિતા લોખંડેએ કાસ્ટિંગ કાઉચને લઈને એક મોટો ખુલાસો કર્યો છે, જેને જાણીને ચાહકો પણ ચોંકી જશે. હકિકતે અંકિતા લોખંડેને બોલિવૂડમાં નહીં પરંતુ સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડ્યો હતો. અંકિતા લોખંડેએ તાજેતરમાં **Hotterfly** સાથે વાત કરી હતી. જેમાં તેણે પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ વિશે જણાવ્યું હતુ. કાસ્ટિંગ કાઉચ વિશે વાત કરતાં પવિત્ર રિશ્તા ફેઈમ અભિનેત્રીએ કહ્યું કે તેણે ૧૦ વખત કાસ્ટિંગ કાઉચનો સામનો કર્યો છે, જેના માટે તે ખૂબ જ પસ્તાવો અનુભવે છે. અંકિતા લોખંડેએ કહ્યું, ‘મેં સાઉથની એક ફિલ્મમાં ઓડિશન આપ્યું હતું.

### દીપિકાને ભીડથી બચાવવા સુપર હસબન્ડ બન્યો રણવીર

# સપ્ટેમ્બર ૨૦૨૪માં કપલના ઘરમાં ચીસો ગુંજશે

**દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની જોડી આ દિવસોમાં સોશિયલ મીડિયા પર છવાયેલી છે, એક પછી એક કપલની તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે**



આ દિવસોમાં બોલિવૂડ સ્ટાર્સ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ તેમની ફિલ્મોની સાથે સાથે અંગત જીવનને લઈને પણ ચર્ચામાં છે. હાલમાં જ આ સ્ટાર્સે ફેન્સને ખુશખબર આપી છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં કપલના ઘરમાં ચીસો ગુંજશે. આ સારા સમાચાર બાદ કપલ મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યું હતું. અહીં બંને એકસાથે ડેશિંગ લુકમાં જોવા મળ્યા હતા. હવે આ બધા પછી દીપિકા પાદુકોણ અને રણવીર સિંહનો નવો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં રણવીર સિંહ તેની પત્ની દીપિકા પાદુકોણને ભીડથી બચાવતો જોવા મળ્યો હતો. રણવીર સિંહનો આ વીડિયો આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર લોકપ્રિય થઈ ગયો હતો. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની જોડી આ દિવસોમાં સોશિયલ મીડિયા પર છવાયેલી છે. એક પછી એક કપલની તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે. આ દરમિયાન દીપિકા પાદુકોણ અને રણવીર સિંહનો એક નવો વીડિયો સામે આવ્યો છે. તાજેતરમાં, આ કપલ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના લગ્ન પહેલાની ઉજવણીમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. દંપતી જામનગર પહોંચતા જ પેપ્સે તેમને ઘેરી લીધા હતા. આ દરમિયાન રણવીર સિંહ તેની પત્ની દીપિકા પાદુકોણને ભીડથી બચાવતો જોવા મળ્યો હતો. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. રણવીર સિંહનો આ વીડિયો તેના ફેન્સને ઘણો પસંદ આવી રહ્યો છે. આ સાથે ટ્રોલ પણ રણવીર સિંહના વખાણ કરતા જોવા મળ્યા હતા. તો ચાલો કોઈ પણ વિલંબ કર્યા વિના જોઈ લઈએ રણવીર સિંહ અને દીપિકા પાદુકોણનો વીડિયો. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહનો આ વાયરલ વીડિયો આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે. રણવીર સિંહ અને દીપિકા પાદુકોણના આ વીડિયોને ફેન્સ જોરદાર રીતે શેર કરી રહ્યા છે. આ સાથે યુઝર્સ આ વીડિયો પર કોમેન્ટ કરતા પણ જોવા મળ્યા હતા. ટિપ્પણી કરતી વખતે, એક યુઝરે રણવીર સિંહને શ્રેષ્ઠ પતિ તરીકે ટેગ કર્યા. સગર્ભાવસ્થાની હૃદયસ્પર્શી ઘોષણાએ તરત જ ચાહકોને ઉન્માદમાં મોકલી દીધા, દીપિકા પાદુકોણ અને રણવીર સિંઘને ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર ટોચનો ટ્રેન્ડિંગ વિષય બનાવ્યો. બોલિવૂડ પાવર કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે આનંદપૂર્વક જાહેરાત કરી કે તેઓ એક સાથે તેમના પ્રથમ બાળકની અપેક્ષા રાખી રહ્યા છે. પ્રેમથી દીપવીર તરીકે ઓળખાતા આ દંપતીએ એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ સાથે ગર્ભાવસ્થાની અફવાઓની પુષ્ટિ કરી છે જેમાં બાળક સપ્ટેમ્બર ૨૦૨૪ માં આવવાનું છે. દીપિકા પાદુકોણ, ઉદ્યોગમાં સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાંની એક તરીકે ઓળખાય છે, તે નોંધપાત્ર આવક ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, સંજય લીલા ભણસાલીની ફિલ્મ પદ્માવતમાં તેણીની ભૂમિકા માટે, તેણીએ તેના પુરૂષ સહ કલાકારોને પાછળ છોડીને રૂ. ૧૩ કરોડની કમાણી કરી હતી. ટ્રેડિંગ અને ઈન્વેસ્ટમેન્ટ કંપની સ્ટોકગ્રો અનુસાર, ૨૦૨૪માં દીપિકાની વાર્ષિક આવક ૪૦ કરોડ રૂપિયાથી વધુ છે.

# રજનીકાંતની સાદગીએ ફરી જીત્યા દિલ

## કુડ્ડાપહથી રજનીકાંત ઈન્ડિગોમાં ઈકોનોમી ક્લાસમાં મુસાફરી કરતા જોવા મળ્યા હતા



સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મ ‘વેટ્ટાઈયાં’નું શૂટિંગ માર્ચમાં પૂર્ણ થવાની આશા છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, ફહાદ ફાસિલ, રાણા દગ્ગુબાતી, મંજુ વૉરિયર, રિતિકા સિંહ અને દુશારા વિજયન પણ મુખ્ય ભૂમિકામાં છે. અનિરુદ્ધ રવિચંદરે ફિલ્મ માટે સંગીત આપ્યું છે. રજનીકાંતે તાજેતરમાં જ ફિલ્મ ‘લાલ સલામ‘માં કેમિયો કર્યો હતો. રજનીકાંત તેમની ફિલ્મો ઉપરાંત તેમના સારા અને શાંત સ્વભાવ માટે પણ વિશ્વભરમાં લોકપ્રિય છે. દરેક સુપરસ્ટારની ફિલ્મ રિલીઝ થાય તે પહેલા લોકોમાં તેનો જબરદસ્ત ક્રેઝ જોવા મળે છે. હંમેશની જેમ આ વખતે પણ તેની સાદગીના કારણે તે સોશિયલ મીડિયા પર ચાહકોમાં લાઈમલાઈટ મેળવી રહ્યો છે. રજનીકાંતને ઈકોનોમી ક્લાસમાં મુસાફરી કરતા જોઈને ફલાઈટમાં હાજર લોકોએ સુપરસ્ટાર સાથે વાત કરી અને ફોટોગ્રાફ્સ પણ લીધા. તેનો વીડિયો શેર કરતી વખતે કેટલાક યુઝર્સે તેની સાદગીના વખાણ કર્યા છે. રજનીકાંતની આ સ્ટાઈલ લોકોના દિલ જીતી રહી છે. રજનીકાંત તેની આગામી ફિલ્મ ‘વેટ્ટાઈયાં’ને લઈને ઘણા સમયથી ચર્ચામાં છે. સુપરસ્ટાર આ ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે, જેનું નિર્દેશન ‘જય ભીમ‘ ફેમ ટીજે જ્ઞાનવેલ કરી રહ્યા છે. હાલમાં જ ‘થલાઈવર’ સ્ટાર રજનીકાંત શર્ટ-પેન્ટ અને ચપ્પલ પહેરીને ઈકોનોમી ક્લાસમાં મુસાફરી કરતા જોવા મળ્યા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. તે આંધ્રપ્રદેશના કડપાથી ફલાઈટમાં સવાર થયો ત્યારે આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. રજનીકાંત અને અમિતાભ બચ્ચન લાંબા સમય પછી પડદા પર સાથે જોવા મળશે. ‘વેટ્ટાઈયાં’ના અન્ય કલાકારોમાં રાણા દગ્ગુબાતી અને ફહદ ફાસીલનો સમાવેશ થાય છે. સાઉથના સુપરસ્ટાર રજનીકાંત ટૂંક સમયમાં ફિલ્મ ‘વેટ્ટાઈયાં’માં જોવા મળશે. ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ સિવાય હવે અભિનેતા બીજી ફિલ્મ સાથે જોડાયેલા હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. રજનીકાંત ટૂંક સમયમાં સાજિદ નડિયાદવાલા સાથે એક ફિલ્મમાં કામ કરતા જોવા મળશે. ફિલ્મ નિર્માતા અને નિર્દેશક સાજિદ નડિયાદવાલાએ હાલમાં જ સુપરસ્ટાર સાથે કામ કરવાનો સંકેત આપ્યો છે. સાજિદ નડિયાદવાલાએ તાજેતરમાં ઠ (અગાઉ ટ્વિટર) પર રજનીકાંત સાથેની એક ફિલ્મ શેર કરી હતી. સાજિદે તસવીર શેર કરી અને લખ્યું, ‘મહાન રજનીકાંત સર સાથે સહયોગ કરવો એ સાચા સન્માનની વાત છે, અમે આ સફરમાં આગળ વધવાની તૈયારી કરી રહ્યા છીએ ત્યારે ઉત્સાહ વધી રહ્યો છે.’ આ સિવાય તેમની ટીમે એક નિવેદનમાં કહ્યું કે, ‘આ આઈકોનિક સુપરસ્ટાર ક્રિદ્ધહૌફ્રહંર સાથે મોટો સહયોગ છે. આ બંને દિગ્ગજોની સાથે આવવાની શક્યતા અને ઉત્સુકતા વધી રહી છે. ચાહકો સાજિદની પોસ્ટ પર કોમેન્ટ કરી રહ્યા છે અને બંનેને તેમના સહયોગ અને આગામી પ્રોજેક્ટ્સ માટે અભિનંદન આપી રહ્યા છે. સાથે જ એવી અટકળો છે કે રજનીકાંત ડિરેક્ટરની આગામી ફિલ્મમાં અભિનય કરતા જોવા મળશે. આ સમાચાર સામે આવ્યા બાદ દર્શકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જોકે, બંનેએ હજુ સુધી કોઈ ફિલ્મ કે તેમના પ્રોજેક્ટ વિશે ખુલીને વાત કરી નથી. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે તાજેતરમાં જ ફિલ્મ ‘લાલ સલામ’માં જોવા મળ્યો હતો. ૯ ફેબ્રુઆરીએ રિલીઝ થયેલી આ ફિલ્મમાં સુપરસ્ટાર કેમિયો રોલમાં જોવા મળ્યો હતો. આ એક સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ છે.



### કપિલ અને ગ્રોવર સાથે જોવા મળશે

# ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શોનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું

કપિલ શર્મા અને સુનીલ ગ્રોવર વર્ષો પછી ફરી એક સાથે નજરે પડવાના છે. બન્નેની દુશ્મનાવટનો અંત આવી ગયો છે. બન્ને કોમેડિયન હવે નેટફ્લિક્સ પર નવો શો ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોમાં એક સાથે નજરે પડશે. અનેક લોકો કપિલ શર્મા શો જોવાના શોખીન હોય છે. તમે જ્યારે ઉદાસ હોવ અને આ શો જોઈ લો છો તો ખુશ થઈ જવાય છે. ફેસ પર સ્માઈલ આવવા લાગે છે. એવામાં કપિલ શર્મા પોતાના નવા શોની સાથે દર્શકો સામે આવવા માટે તૈયાર છે. સુનીલ ગ્રોવર અને કપિલ શર્માની વર્ષો જૂની દુશ્મનીનો હવે અંત આવી ગયો છે. નેટફ્લિક્સ પર નવો શો ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યુ છે. આ નવા શોનું નામ ‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’છે અને આ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. સ્ટ્રીમિંગ ચેનલે ઓફિસિયલી સોશિયલ મિડીયા હેન્ડલ પર આગામી કોમેડી શોનું એક મસ્ત ટીઝર રિલીઝ કર્યુ છે. ટીઝરમાં કોમેડિયન અભિનેતા સુનીલ ગ્રોવર પણ નજરે પડે છે જે સાત વર્ષના લાંબા સમયગાળા પછી કપિલની સાથે ફરી જોડાયેલ જોવા મળે છે. ટીઝરમાં સુનીલ અને કપિલ સિવાય શોના બીજા સભ્યો કીકુ, શારદા, કૃષ્ણા, અભિષેક, રાજીવ ઠાકુર અને અર્ચના પૂરન સિંહ પણ શામેલ હતા. ટીઝરની વાત કરવામાં આવે તો આ બહુ મસ્ત છે. કપિલ પોતાની ટીમની સાથે શોનું નામ એલાન કરવાનું પ્લાનિંગ કરે છે. બધા એક ધમાકેદાર એલાન કરવાની વાત કરી રહ્યા છે.

**બન્ને કોમેડિયન હવે નેટફ્લિક્સ પર નવો શો ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શોમાં એક સાથે નજરે જોવા મળશે**





જ્યાં અર્ચના પૂરન સિંહે ટાઈમ્સ સ્કવાયર, બુર્ઝ ખલીફા અને બિગ બેન જેવી ગ્લોબલ જગ્યાઓ પર એલાન કરવાની સલાહ આપતી જોવા મળી રહી છે. આ સાથે કૃષ્ણા અભિષેકની વચ્ચે બોલે છે અને કહે છે કે આ શો ભારતીય છે, આ માટે ગેટવે ઓફ ઈન્ડિયા પર લોન્ચ કરવું યોગ્ય રહેશે. આટલામાં એક એન્ટ્રી થાય છે જેમાં સનગ્લાસ અને ફોર્મલ આઉટફિટમાં સુનીલ ગ્રોવર નજરે પડે છે. એક અવાજ આવે છે કે સુનીલ ગ્રોવરની એન્ટ્રીને કારણે બજેટ ઓછુ થઈ ગયુ છે. પરંતુ કીકુ શારદા સ્કાઈ રાઈટિંગથી શોને પ્રમોટ કરવાનો આઈડિયા આપે છે જેના પર સુનીલ ગ્રોવર સલાહ આપે છે કે એમને પ્લેનથી બચવુ જોઈએ. આમ, તમને જણાવી દઈએ કે ‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’ ૩૦ માર્ચ ૨૦૨૪ના રોજ માત્ર શનિવારના રોજ નેટફ્લિક્સ પર પ્રસારિત થશે.

### વર્ષ ૨૦૨૪ની અત્યાર સુધીની શરૂઆત શાનદાર રહી છે

# ફિલ્મો બોક્સ ઓફિસ પર ધૂમ મચાવશે

## જાન્યુઆરી અને ફેબ્રુઆરીની જેમ માર્ચમાં પણ ફિલ્મો સિનેમાઘરોમાં આવી રહી છે

દર મહિને ઘણી ફિલ્મો રિલીઝ થાય છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં સાઉથ-બોલિવુડે એકસાથે દર્શકોનું ઘણું મનોરંજન કર્યું હતું. હવે માર્ચનો મહિનામાં ધૂમ મચવાની છે. આ મહિને પણ શાનદાર તસવીરો આવી રહી છે. આ વર્ષની શરૂઆતથી જ સાઉથ ઈન્ડસ્ટ્રી બોક્સ ઓફિસ પર મુશ્કેલીમાં છે. આ મહિને સાઉથની ઘણી ફિલ્મો પણ આવી રહી છે. પરંતુ બોલિવુડની ફિલ્મો પણ જોરદાર ટક્કર આપવા તૈયાર છે. તમને તે ફિલ્મો વિશે પણ જણાવીએ જે માર્ચમાં થિયેટરોમાં રિલીઝ થઈ રહી છે. કિરણ રાવની ફિલ્મ ‘લપતા લેડીઝ’ પહેલી તારીખે રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મ સાથે કિરણ રાવ ૧૩ વર્ષ પછી ડાયરેક્ટર તરીકે વાપસી કરવા જઈ રહી છે. આમિર ખાન આ તસવીરને કો-પ્રોડ્યુસ કરી રહ્યો છે. ફિલ્મની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. આમાં ચાલતી ટ્રેનમાં બે દુલ્હનની અદલાબદલી થાય છે. ‘લાપતા લેડીઝ’માં નિતાંશી ગોયલ, સ્પર્શ શ્રીવાસ્તવ, છાયા કદમ અને રવિ કિશન મહત્વની ભૂમિકામાં હશે. વરુણ તેજ અને માનુષી છિલ્લરની ફિલ્મ ઘણા સમયથી ચર્ચામાં છે. તેનું કારણ છે હવાઈ લવ. જાન્યુઆરીમાં જ ભારતની પહેલી એક્શન ફિલ્મ થિયેટરોમાં રિલીઝ થઈ હતી. તેમાં ઘણા એક્શન અને એરિયલ સીન્સ જોવા મળ્યા હતા. ‘ઓપરેશન વેલેન્ટાઈન’ની જાહેરાત થતાં જ લોકો તેની સરખામણી ‘ફાઈટર’ સાથે કરવા લાગ્યા. આ ફિલ્મની વાર્તા બાલાકોટ એરસ્ટ્રાઈક પર આધારિત છે. જે ટીઝરમાં જોયા બાદ ખબર પડી હતી. આમાં માનુષી સાથે તેલુગુ સ્ટાર વરુણ તેજ જોવા મળી રહ્યો છે. આ તસવીર ૧ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. અજય દેવગન, આર માધવનની ‘શૈતાન’ ૮ માર્ચે રિલીઝ થઈ રહી છે. થોડા સમય પહેલા તેનું ટ્રેલર આવ્યું હતું. જેને લઈને ફેન્સની ઉત્સુકતા વધી ગઈ છે. ફિલ્મમાં અજય દેવગન અને જ્યોતિકા પતિ-પત્નીનો રોલ પ્લે કરતી જોવા મળે છે. તેની વાર્તા એકદમ રસપ્રદ છે. જ્યાં કોઈ અજાણ્યો વ્યક્તિ બંનેના ઘરે આવે છે અને તેમની દીકરીને પોતાના વશમાં લઈ લે છે. વાસ્તવમાં આ ફિલ્મ ગુજરાતી ફિલ્મ ‘વશ’ની રિમેક છે. પરંતુ તે હિન્દી બેલ્ટમાં ફેમસ નથી. જે તેને ફાયદો કરાવી શકે છે. આ ફિલ્મની ટક્કર અજય દેવગનની ‘શૈતાન’ સાથે થશે. આ રોમેન્ટિક-સ્ટાયરિકલ ફિલ્મમાં રણદીપ હુડ્ડા સાથે ઈલિયાના ડીક્રુઝ જોવા મળે છે. આ ફિલ્મમાં લગ્ન ઘરમાંથી દહેજની ચોરીની કહાની બતાવવામાં આવી રહી છે. રણદીપ ઈન્સ્પેક્ટર સોમવીર સાંગવાનનો રોલ પ્લે કરતી જોવા મળે છે, જે આ કેસને ઉકેલવા માટે નીકળે છે. ટ્રેલરે લોકોને ખૂબ જ પ્રભાવિત કર્યા છે. કારણ છે દહેજ પ્રથા અને રંગભેદના મુદ્દાને લોકો સુધી મજાની રીતે પહોંચાડવાનું.







**ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાની છેલ્લી ફિલ્મ એનિમલ સુપરહિટ રહી હતી, તેણે વિશ્વભરમાં લગભગ ૫૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી હવે ‘એનિમલ’ પછી ‘સ્પિરિટ’**

# ‘એનિમલ’ પછી ‘સ્પિરિટ’ માટે તૈયાર

પ્રભાસની ફિલ્મ પર આપ્યું મોટું અપડેટ, બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર સાથે ‘એનિમલ’ જેવી બ્લોકબસ્ટર ફિલ્મ આપ્યા બાદ હવે ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા પ્રભાસ સ્ટારર આગામી ફિલ્મ ‘સ્પિરિટ’ માટે તૈયારી કરી રહ્યા છે. ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાએ તાજેતરમાં જ આ ફિલ્મ વિશે મોટી માહિતી આપી હતી. બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર સાથે તેની તાજેતરની બ્લોકબસ્ટર ફિલ્મ ‘એનિમલ’ પછી, દરેક વ્યક્તિ નિર્દેશક સંદીપ રેડ્ડી વાંગાની આગામી ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. નિર્દેશક સંદીપ રેડ્ડી વાંગા પોતાની ૨ મોટી ફિલ્મોની જાહેરાત કરી ચૂક્યા છે. મનોરંજનના સમાચારોની દુનિયામાં વાયરલ થયેલા એક વીડિયોમાં ‘ગામી’ની આ ઈવેન્ટ દરમિયાન તેની આગામી ફિલ્મ ‘સ્પિરિટ’ના શૂટિંગને લઈને સવાલ ઉઠાવવામાં આવ્યો હતો. તો તેણે કહ્યું કે પ્રભાસ સ્ટારર આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંત સુધીમાં શરૂ થશે. ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાના આ નિવેદન બાદ ફેન્સમાં ગભરાટનો માહોલ છે. હવે દરેક લોકો રાહ જોઈ રહ્યા છે કે આ ફિલ્મ જલ્દી ફ્લોર પર જાય. રસપ્રદ વાત એ છે કે, અભિનેત્રી રશ્મિકા મંડન્ના નિર્દેશક સંદીપ રેડ્ડી વાંગાની સુપરસ્ટાર પ્રભાસ અભિનીત આગામી ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળી શકે છે. ઘણા સમયથી મીડિયા રિપોર્ટ્સમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા ‘સ્પિરિટ’ માટે ‘એનિમલ’ સ્ટાર રશ્મિકા મંદન્નાને કાસ્ટ કરી શકે છે. જો રિપોર્ટ્સનું માનીએ તો તેનું કારણ અભિનેત્રીનું પ્રોફેશનલ વલણ છે જે ડિરેક્ટરને ‘એનિમલ’ દરમિયાન પસંદ આવ્યું હતું. રસપ્રદ વાત એ છે કે માત્ર ‘સ્પિરિટ’ જ નહીં, ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાના હાથમાં વધુ એક મોટી ફિલ્મ છે. નિર્દેશક સંદીપ રેડ્ડી વાંગા પહેલાથી જ તેલુગુ સુપરસ્ટાર અલ્લુ અર્જુન સાથે તેની આગામી ફિલ્મની જાહેરાત કરી ચૂક્યા છે. આ ફિલ્મનું નિર્માણ પણ ભૂષણ કુમાર કરશે. આ ફિલ્મને લઈને ચાહકો પહેલેથી જ ઉત્સાહિત છે. અલ્લુ અર્જુન તેની આગામી ફિલ્મ ‘પુષ્પા ૨’ રિલીઝ થયા બાદ જ આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી શકશે. ત્યાં સુધી નિર્દેશક સૌથી પહેલા પ્રભાસની ફિલ્મ ‘સ્પિરિટ’ પૂર્ણ કરશે. સ્પિરિટમાં પ્રભાસ એક કોપ તરીકે જોવા મળશે. હર્ષવર્ધન રામેશ્વર ફિલ્મ માટે સંગીત આપશે. પ્રભાસ આગામી સમયમાં દીપિકા પાદુકોણ અને અમિતાભ બચ્ચન સાથે કલ્કી ૨૮૯૮ એડીમાં જોવા મળશે. આ ફિલ્મ ૯ મેના રોજ રીલિઝ થશે. આ ફિલ્મનું દિગ્દર્શન નાગ અશ્વિન દ્વારા કરવામાં આવ્યું છે અને અશ્વની દત્ત અને સ્વપ્રા દત્ત દ્વારા બૅક્રરોલ કરવામાં આવી છે. તે હિન્દી, તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમમાં રિલીઝ થશે. ફિલ્મનું નિર્માણ ભૂષણ કુમાર દ્વારા કરવામાં આવશે અને વાંગાની શૈલીને અનુસરીને, હિંસા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. વાંગા બીજા પ્રોજેક્ટ માટે અલ્લુ અર્જુન સાથે પણ જોડી બનાવી રહી છે.

# સુરત સ્થિત અર્ચના વિદ્યા નિકેતન શાળામાં AVN SPORTS FEST 2024નું ભવ્ય આયોજન થયું

**"તંદુરસ્ત શરીરમાં જ તંદુરસ્ત મનનું નિર્માણ થતું હોય છે."**




। સુરત, તા.૧ ।

રમતો પ્રત્યે વિદ્યાર્થીઓની ઋચીઓને પોષણ મળે સાથે સાથે વિદ્યાર્થીઓને વિવિધ રમતો વિશેની માહિતી મળે તેમજ વિદ્યાર્થીઓ ના શારીરિક ઘડતર માટેની શ્રેષ્ઠ તાલીમ મળે તે માટે રમતોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું. ખેલ મહાકુંભ અને નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં મેડલ મેળવેલ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ દ્વારા મશાલપાસ કરી રમતોની શરૂઆત કરવામાં આવી. ખેલદિલીની ભાવનાથી વિદ્યાર્થીઓ રમે તેમજ રમતોના મૂલ્યો કેળવાય તે હેતુથી શરૂઆતમાં એંકર હંસાબેન અને મેહુલભાઈ દ્વારા પ્રતિજ્ઞા લેવડાવી. વિજેતા વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. મુખ્ય અતિથિ અરવિંદભાઈ પટેલ, અમલેશ બાવરીયા, મુકેશ રાઠોડ, જીગ્નેશભાઈ, માટેટી સોમન્ના, મનોજસિંહ ઉપસ્થિત રહી શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું તેમજ રમતનું જીવનમાં મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને વિશેષ માહિતી આપી.કાર્યક્રમમાં SPC અને ભારત એન્ડ સ્કાઉટ ગાઈડ દ્વારા પરેડ કરવામાં આવી. શાળાના પ્રમુખ ડૉ.ધીરજલાલ પરડવા, નિયામક ડૉ.ચંદુભાઈ ભાલીયા, આચાર્યશ્રી ડૉ. રજીતા તુમ્માના માર્ગદર્શન અને આયોજન હેઠળ સમગ્ર રમતોત્સવ કાર્યક્રમ ખૂબ સારી રીતે સફળ થયો.



। (માહિતી) નર્મદા, તા.૧ ।

નર્મદા જિલ્લાના એકતાનગરના આંગણે બિલ એન્ડ મેલિન્ડા ગેટસ ફાઉન્ડેશનના સહઅધ્યક્ષ શ્રીયુત બિલ ગેટસ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત માટે એકતાનગર હેલીપેડ ખાતે આવી પહોંચ્યા હતા. શ્રી ગેટસનું ગુજરાતના પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, નર્મદા નિગમના વહીવટી સંચાલકશ્રી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ ચેરમેન શ્રી મુકેશ પુરી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી શ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

# ઝાલોદ તાલુકાના લીમડી અને ચાકલીયા મુકામેથી ૩૯૭૯૦૦ નો વિદેશી દારૂનો મુદ્દામાલ ઝડપી પાડતી પોલીસ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ તાલુકાની ચાકલીયા પોલીસ પેટ્રોલીંગમા હતી તે દરમ્યાન બાતમી મળેલ હતી કે મધ્યપ્રદેશ થી ચાકલીયા ચેક પોસ્ટ તરફ એક બોલરો ગાડી જેનો નંબર GJ-17-CE-6274 વિદેશી દારૂનો જથ્થો ભરીને લાવી રહેલ છે. આ બોલેરો ગાડી આવતા પોલીસ દ્વારા રોકતા ડ્રાઈવર નાસી જવાની કોશિશ કરતા તેને પોલીસ દ્વારા પકડી પાડવામા આવેલ હતો. બોલરો ગાડીના ચાલક રમેશ મડીયા નીનામા (થાંદલા, મધ્ય પ્રદેશ)ની પૂછપરછ કરી ગાડીની

તપાસ કરાતા ગાડીમાંથી ૬૦૪૮૦નો વિદેશી દારૂ મળી આવેલ હતો. બોલેરો ગાડી જેની કિંમત ૨૫૦૦૦૦ થઈ કુલ ૩૧૦૪૮૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં ચાકલીયા પોલીસને સફળતા મળી હતી. ચાકલીયા પોલીસ દ્વારા વધુ તપાસ કરાતા આ જથ્થો પારેવા ગામના દિવાન ઈસ્માઈલ હઠીલાને ત્યાં વિદેશી દારૂ લઈ જવામાં આવનાર હતો. ચાકલીયા પોલીસ દ્વારા બંને ઈસમો પર ફરિયાદ નોંધી આગળની તપાસ



તસ્વીર : મહંમદ રફીક શેખ (રાજુ), ડીસા

હાથ ધરેલ છે. બીજા એક બનાવમાં લીમડી પોલીસને એક જ્યુપિટર ગાડી GJ-20-BB-3871 ના ચાલક વીરકા હીરકા બારીયા ( મુનખોસલા) જે ઝાલોદ તરફ થી આવી વરોડ મુકામે જવાની માહિતી મળેલ હતી તે ગાડી આવતા પોલીસ દ્વારા રોકવામા આવતા આ ગાડી માથી ૨૭૧૨૦ નો વિદેશી દારૂ અને ૩૦૦૦૦ની જ્યુપિટર ગાડી થઈ કુલ ૫૭૧૨૦ નો મુદ્દામાલ ઝડપી પાડવામા લીમડી પોલીસને સફળતા મળેલ હતી.

# બોર્ડની પરીક્ષાના સંચાલન માટે શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને વિડિયો કોન્ફરન્સ યોજાઈ

**જિલ્લાના ધો.૧૦ અને ધો.૧૨ કુલ ૩૧,૪૭૧ જેટલા વિદ્યાર્થીઓ ૪૭ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપશે**



। (માહિતી બ્યુરો) ગીર સોમનાથ, તા.૧ ।

ગીર-સોમનાથ તા.૨૯ઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ - ૧૦ અને ધોરણ -૧૨ની જાહેર પરીક્ષાઓ આગામી તા.૧૧-૦૩-૨૦૨૪થી શરૂ થવા જઈ રહી છે. બોર્ડની પરીક્ષાઓના સફળ સંચાલન માટે શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર અને રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનેસેરિયાના માર્ગદર્શન હેઠળ વિડિયો કોન્ફરન્સ યોજાય હતી. આ વિડિયો કોન્ફરન્સમાં ગીર સોમનાથ જિલ્લા અધિક નિવાસી કલેકટર શ્રી રાજેશ આલ તેમજ પરીક્ષા સમિતિના સભ્યો જોડાયા હતાં અને જિલ્લામાં પરીક્ષાની તૈયારીઓ અંગેના વ્યવસ્થાપન અંગે જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું.

શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે વિદ્યાર્થીઓ પરીક્ષા સ્થળે સમયસર પહોંચી શકે તે માટે એસ.ટી.ની વ્યવસ્થા અને સુચારું સંચાલન તેમજ પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓ કોઈપણ મુશ્કેલીઓ પડે નહીં તે અંગેનું સુદ્રઢ આયોજન ગોઠવવામાં આવ્યું છે તેની વિગતો આપી હતી.

આ વિડીયો કોન્ફરન્સમાં શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ પરીક્ષાનો વિદ્યાર્થીઓમાં મનમાં રહેલ ડર દૂર થાય તે માટે કાઉન્સિલિંગ સેન્ટરો મદદરૂપ થઈ શકે છે તેમ જણાવી કાયદો અને વ્યવસ્થાપન, વીજળી, વિદ્યાર્થીઓને આરોગ્ય સુવિધા, સ્વચ્છતા જેવી બાબતો વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને તણાવમુક્ત વાતાવરણમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તે માટે શિક્ષણમંત્રીશ્રીએ જરૂરી સૂચનો પણ કર્યા હતાં.

# ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને તમામ જિલ્લાઓના અધિકારીઓ સાથે બોર્ડની પરીક્ષાને લગતી તૈયારીઓ વિશે વીડિયો કોન્ફરન્સ યોજાઇ

**પરીક્ષા અંગેના એક્શન પ્લાનની વિગતવાર માહિતી આપતા જિલ્લા કલેકટરશ્રી કે.સી. સંપટ**



। (માહિતી બ્યુરો) સુરેન્દ્રનગર, તા.૧ ।

માર્ચ ૨૦૨૪માં યોજાનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા સંદર્ભે શિક્ષણમંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને તેમજ રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં તમામ જિલ્લાઓના કલેકટરશ્રીઓ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે પરીક્ષાને લગતી તૈયારીઓ વિશે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરશ્રી કે.સી. સંપટ કલેકટર કચેરી સભાખંડ ખાતેથી જોડાયા હતા. વીડિયો કોન્ફરન્સમાં મંત્રીશ્રી સમક્ષ સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરશ્રી ક.સી. સંપટ દ્વારા પરીક્ષા અંગે જિલ્લામાં કરવામાં આવેલી તૈયારીઓનો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટરશ્રીએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માર્ચ-૨૦૨૪ના સફળ સંચાલન માટેના સુરેન્દ્રનગર જિલ્લાના એક્શન પ્લાનની વિગતવાર માહિતી આપી હતી. આ વીડિયો કોન્ફરન્સમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી આર. કે.ઓઝા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ.એમ. ઓઝા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શિલ્પાબેન પટેલ સહિત પરીક્ષા સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# દરિયા સામે બાથ ભીડવી સહેલી નથી, પરંતુ યા હોમ કરીને પડો તો તેને જીતી લેવો દૂર પણ નથી

**સાહસ, રોમાન્ચ અને ધીરજની પરીક્ષા કરતી ચોરવાડથી વેરાવળના અરબી સમુદ્રમાં યોજાઈ ૩૩મી વીર સાવરકર તરણ સ્પર્ધા**

। (માહિતી બ્યુરો) ગીર સોમનાથ, તા.૧ ।

સાહસ, રોમાન્ચ અને ધીરજની પરીક્ષા કરતી પ્રતિ બે વર્ષે ચોરવાડ થી વેરાવળ વચ્ચે દરિયામાં યોજાતી વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા અંતર્ગત રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહિવટી તંત્ર - ગીર સોમનાથ દ્વારા આજે આદ્રી બીચ ખાતે ખાતેથી મહિલાઓની અને ચોરવાડ ખાતેથી ભાઈઓને સમુદ્ર તરણ સ્પર્ધા યોજાઈ હતી.

આમ પણ કહેવાય છે કે, દરિયા સામે બાથ ભીડવી જેવાં તેવાનું કામ નથી, તેવા સમયે દરિયાના ઠંડા પાણી, ઉછળતા મોજા, સામેથી આવતા પવન સહિતની વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે અડગ મન અને સાથે સતત દરિયા સામે લડીને વિજેતા બનવું એ આકરી પરીક્ષા હોય છે. છતાં, પ્રતિ વર્ષ દેશના વિવિધ પ્રાંત, પ્રદેશ અને રાજ્યમાંથી આવતા સ્પર્ધકો દરિયાને જીતી લેવા પોતાની દિલની બાજી લગાવીને દરિયા વચ્ચે ઉતરે છે.

એવી આ સ્પર્ધામાં આજે વહેલી સવારે ગીર સોમનાથ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછારની ઉપસ્થિતિમાં આદ્રી બીચ



ખાતેથી મહિલાઓની અને ચોરવાડ બીચ ખાતેથી જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરની અધ્યક્ષતામાં ભાઈઓની ૩૩મી વીર સાવરકર તરણ સ્પર્ધા-૨૦૨૪ યોજાઈ હતી.

આ તરણ સ્પર્ધામાં તરવૈયાઓએ દરિયા સામે બાથ ભીડી પોતાની સાહસવૃત્તિનો આગવો પરિચય આપ્યો હતો. આ તરણ સ્પર્ધામાં પોતાની સ્ફૂર્તિ અને તૈરાકીનું કૌવત બતાવતા ભાઈઓમાં સુરતના નિલય કાર્નિકરે અને બહેનોમાં સુરતની તાશા મોદીએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આમ, બંને સુરતના ખેલાડીઓએ સુરતની અસલી 'સૂરત' બતાવી ખિતાબ પોતાના નામે કરી સુરતનું નામ ફરી એકવાર રોશન કર્યું હતું.

# ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી IT એપ્લિકેશન્સ અંગે ૧૦૦થી વધુ IT ઓફિસર્સને તાલીમ આપવામાં આવી

। (માહિતી બ્યુરો) સુરેન્દ્રનગર, તા.૧ ।

મુક્ત અને ન્યાયી ચૂંટણીઓના સંચાલનને વધુ સરળ અને સુચારૂ બનાવવા ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા વિવિધ IT ઍપ્લિકેશન્સ તૈયાર કરવામાં આવી છે. આ ઍપ્લિકેશન્સના ઉપયોગ અંગે રાજ્યના તમામ જિલ્લામાં કાર્યરત IT ઍપ્લિકેશન્સ નોડલ ઑફિસર્સ, સિસ્ટમ સુપરવાઈઝર્સ તથા NIC ઑફિસર્સ માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા એક દિવસીય તાલીમ વર્કશૉપ યોજાયો.

ગાંધીનગર ખાતે અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને યોજાયેલા તાલીમ વર્કશૉપમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા ઉમેદવારીપત્રો ભરવા, સોગંદનામા, વિવિધ પરવાનગીઓ, મતગણતરી, સર્વિસ વોટર પોર્ટલ



અને સ્ટાફ રેન્ડમાઈઝેશન માટે તૈયાર કરવામાં આવેલી ENCORE ઍપ્લિકેશન, NGRS, EMS, C-Vigil તથા સુવિધા સહિતની IT ઍપ્લિકેશન્સ અંગે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના અધિકારીશ્રીઓ તથા IT તજજ્ઞો દ્વારા વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. જેમાં રાજ્યભરમાંથી ૧૦૦ જેટલા IT ઍપ્લિકેશન્સ નોડલ ઑફિસર્સ, સિસ્ટમ સુપરવાઈઝર્સ તથા NIC ઑફિસર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા બાળ સુરક્ષા એકમ નડિયાદ દ્વારા બાળકોને લગતા કાયદાઓ માટે હિન્દુ અનાથ આશ્રમ નડિયાદ ખાતે જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો



। (માહિતી બ્યુરો) ગીર સોમનાથ, તા.૧ ।

હિન્દુ અનાથ આશ્રમ નડિયાદમાં તા. ૦૧/૦૩/૨૦૨૪ ના રોજ જિલ્લા બાળ સુરક્ષા એકમ નડિયાદ દ્વારા જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં ડો. અલકા રાવલ પ્રોટેક્શન ઓફિસર દ્વારા બાળકોના કાયદાઓ, જુવેનાઈલ જસ્ટિસ એક્ટ -૨૦૧૫ તથા પોકસો એક્ટ-૨૦૧૨, બાળ લગ્ન, બાળકોના અધિકારો, વ્યસનમુક્તિ તથા બાળકોની સરકારી યોજનાઓની સમજ આપી. આ જાગૃતિ કાર્યક્રમમાં શિવમ નર્સિંગ કોલેજ વલાસણ આણંદના ૧૫૦ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો અને હિન્દુ અનાથ આશ્રમના બાળકો તથા સ્ટાફ હાજર રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? ટપાલ દ્વારા આવેલો સંદેશ સમસ્ત પરિવાર માટે આનંદ લાવશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારી સાંજને ઝમકદાર બનાવવા માટે દિવસના ઉત્તરાધર્ધમાં કોઈ જૂના મિત્રની મુલાકાત લો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી જાતને કોઈક રચનાત્મક કાર્યમાં વાળો.નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારા બાળકો સાથે તંદુરસ્ત સંબંધને પ્રોત્સાહન આપો. ભૂતકાળને ભૂલાવી ને આગળ આવનારા ઝળહળતા તથા ખુશહાલ સમય પર મીટ માંડો. તમારા પ્રયત્નો ફળદાયી નીવડશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે. આજે તમારો પ્રણય સાથૂી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારી પૂર્વક ચકાસજો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમય પત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો. આનાથી તમે ન માત્ર દબાણમાંથી મુક્ત થશો બલ્કે તમારો ખચકાટ પણ દૂર થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

## ડિસ્ટ્રીબ્યૂટરો-ફ્રેન્ચાઈઝીઓના નફા પર ટીડીએસ ન કાપે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ડિસ્ટ્રીબ્યૂટરો અને ફ્રેન્ચાઈઝીઓને મોબાઈલ ફોનના વપરાશકર્તાઓને પ્રિ-પેઈડ કૂપન અને સિમ કાર્ડનું વેચાણ કરી થતા નફા પર ટીડીએસ ન કાપવાનો સુપ્રીમ કોર્ટે મોબાઈલ ફોન કંપનીઓને આદેશ આપ્યો છે. આવકવેરા ખાતા અને ટેલિકોમ ઑપરેટર ભારતી એરટેલ લિ. (બીએએલ) દ્વારા કરવામાં આવેલી અનેક અપીલ અને ક્રોસ અપીલને ધ્યાન પર લઈને ન્યાયાધીશ સંજીવ ખન્ના અને એસવીએન ભટ્ટીની બનેલી ખંડપીઠે બુધવારે આ સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો હતો. વપરાશકર્તાઓને પ્રિ-પેઈડ કૂપન અને સિમ કાર્ડનું વેચાણ કરી ડિસ્ટ્રીબ્યૂટરો અને ફ્રેન્ચાઈઝીઓને થતા નફા પર ઈક્મ ટેક્સ એક્ટ ૧૯૬૧ની કલમ ૧૯૪-એચ હેઠળ ટીડીએસ કાપવાની જવાબદારીને લગતો આ કાયદેસર પ્રશ્ન છે. આવકવેરા ખાતાએ દાવો કર્યો છે કે ડિસ્ટ્રીબ્યૂટરો અને ફ્રેન્ચાઈઝીઓને થયેલો નફો એ ખરેખર તો કંપની અને ડિસ્ટ્રીબ્યૂટરો તેમ જ ફ્રેન્ચાઈઝીઓ વચ્ચે થયેલા કરાર મુજબ તેમને આપ વામાં આવતું કમિશન છે. ટીડીએસની જોગવાઈ સહિત આઈટી એક્ટને ધ્યાન પર લઈ ચુકાદો આપતા ખંડપીઠે કહ્યું હતું કે ડિસ્ટ્રીબ્યૂટરો અને ફ્રેન્ચાઈઝીઓ દ્વારા ગ્રાહકોને પ્રિ-પેઈડ કૂપન અને સિમકાર્ડ વેચીને કરવામાં આવતી કમાણી પર ટીડીએસ કાપવાનો મોબાઈલ કંપનીઓને અધિકાર નથી. આ કેસમાં આઈટી એક્ટની કલમ ૧૯૪-એચ લાગુ ન થતી હોવાનું ખંડપીઠે કહ્યું હતું.

## લોકતંત્રમાં ભીડ તંત્ર ન ચલાવી લેવાય : ઋષિ સુનક

। (એજન્સી) લંડન, તા.૧ ।

બ્રિટનમાં છાશવારે રસ્તા પર ઉતરીને દેખાવો કરી રહેલા લોકોની સામે બ્રિટિશ પીએમ ઋષિ સુનકે કડક હાથે કામ લેવા માટે પોલીસને આદેશ આપ્યો છે. સુનકે દેશના તમામ શહેરોના પોલીસ વડાઓની એક બેઠક બોલાવી હતી અને તેમાં તેમણે કહ્યુ હતુ કે, લોકતંત્રમાં ભીડતંત્ર ચલાવી લેવાય નહીં અને દેખાવો ભીડમાં ફેરવાઈ ના જાય તે માટે પોલીસે તમામ અધિકારોનો ઉપયોગ કરવો જોઈએ. ઉલ્લેખનીય છે કે, હમાસ અને ઈઝરાયેલ વચ્ચે જંગ શરૂ થયા બાદ બ્રિટનમાં અત્યાર સુધીમાં ઠેર ઠેર દેખાવો થયા છે. મોટા પાયે રેલીઓ કાઢવામાં આવી છે અને તેમાં હિંસા પણ થઈ છે. આ ઘટનાઓ બાદ સુનકે પોલીસ વડાઓની બેઠક બોલાવીને તેમને હવે દેખાવો સામે આકરી કાર્યવાહી કરવા માટે અપીલી કરી છે. સુનકે કહ્યુ હતુ કે, લોકતંત્રનુ સ્થાન ભીડતંત્ર લઈ રહ્યુ હોય તેવુ દેશના લોકોને લાગી રહ્યુ છે અને આ પરિસ્થિતિને અટકાવવી પડશે. પ્રદર્શનના નામે હિંસા અને લોકોને ડરાવવા માટે કોઈને છૂટ આપી શકાય નહીં.

# તમાકુ કંપનીને ત્યાંથી ૬૦ કરોડ રૂપિયાની લક્ઝરી કાર્સ મળી

### આઈટીના દરોડા દરમિયાન મળેલી કારોમાં સૌથી મોંઘી કાર રોલ્સ રોયસ ફેન્ટમ, જેની કિંમત ૧૬ કરોડ રૂપિયા

। (એજન્સી) કાનપુર, તા.૧ ।

આવકવેરા વિભાગે (આઈટી) ઉત્તરપ્રદેશના કાનપુરની એક તમાકુ કંપનીમાં દરોડા પાડ્યા હતા. સાથે જ દિલ્હી, મુંબઈ, ગુજરાત સહિત ૨૦ ઠેકાણા પર પણ દરોડા પાડ્યા હતા. સૂત્રોના અનુસાર, કંપનીએ પોતાનું ટર્નઓવર ૨૦થી ૨૫ કરોડ બતાવ્યું છે, પરંતુ હકિકતમાં આ ટર્નઓવર લગભગ ૧૦૦-૧૫૦ કરોડ આસપાસ છે. આ દરોડામાં મળેલા સામાનની તસવીરો જોઈને તમે ચોંકી જશો. તમે આ જોઈને એ વિચાર કરશો કે તમાકુ બનાવતી કંપની કેટલું કમાઈ શકે છે અને આટલું બધુ કોઈ દરોડામાં કેવી રીતે મળી શકે છે. જોકે, આવકવેરા વિભાગે કાનપુરમાં બંસીધર



તમાકુ કંપનીના કેટલાક ઠેકાણાઓ પર દરોડા પાડ્યા. કાનપુર સહિત ૫ રાજ્યોમાં ૧૫ થી ૨૦ ટીમો દ્વારા આ કાર્યવાહીને અંજામ અપાયો. નયાગંજ સ્થિત બંસીધર એક્સપોર્ટ અને બંસીધર તમાકુને ત્યાં આવકવેરા વિભાગની કાર્યવાહી હજુ ચાલી રહી છે.

જણાવી દઈએ કે, આ દરોડામાં આવકવેરા વિભાગને ૬૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની લગ્ઝરી કારો મળી છે. આ કારો દિલ્હીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. આ કારોમાં સૌથી મોંઘી કાર રોલ્સ રોયસ ફેન્ટમ હતી, જેની કિંમત ૧૬ કરોડ રૂપિયા છે. બંસીધર તમાકુના માલિક કેકે મિશ્રાના દીકરાના ઘરે દરોડામાં મેક્લરેન, લેમ્બોર્ગિની, ફરારી જેવી ગાડીઓ પણ મળી છે, જેની કિંમત કરોડોમાં છે. સાથે જ આવકવેરા વિભાગને આ દરોડામાં કુલ ૪.૫ કરોડ રૂપિયા કેશ પણ મળ્યા છે. સાથે જ કેટલાક દસ્તાવેજ પણ આવકવેરા વિભાગે જપ્ત કરી લીધા છે. આવકવેરા વિભાગના સૂત્રોના અનુસાર, કંપની દ્વારા લૉગમાં દાખલ કંપનીને બનાવટી ચેક અપાઈ રહ્યા હતા. સાથે જ કંપની અન્ય કેટલીક મોટી પાન-મસાલા કંપનીઓને પણ સામગ્રી પહોંચાડતી હતી.

કંપનીએ પોતાનું ટર્નઓવર ૨૦-૨૫ કરોડ રૂપિયા બતાવ્યું છે. હકીકતમાં આ ટર્નઓવર ૧૦૦-૧૫૦ કરોડ બતાવાઈ રહ્યું છે. જણાવી દઈએ કે, આ દરમિયાન જ્યારે બંસીધર તમાકુ કંપનીના માલિકના દીકરા શિવમ મિશ્રાના ઘરે સર્ચ ઓપરેશન કરાયું તો આ કારોનો કાફલો સામે આવ્યો. ત્યારબાદ જેમણે પણ આ કારોને જોઈ તેઓ ચોંકી ગયા.



કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે નવી દિલ્હીમાં સમગ્ર દેશમાં અનેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ વર્ચ્યુઅલ રીતે લોન્ચ કર્યા હતાં.

### આસામના મુખ્યમંત્રીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા

## કોંગ્રેસનો એજન્ડા ગાંધી પરિવારના ડાયનિંગ ટેબલ પર સેટ થાય છે : હિમંતા બિસ્વા

। (એજન્સી) ગુવાહતી, તા.૧ ।

આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ ગુરુવારે ભારતીય જનતા પાર્ટીની પ્રશંસા કરી અને કોંગ્રેસ પાર્ટીની આકરી ટીકા કરી હતી. બારપેટા જિલ્લાના ચકચકા ખાતે પાર્ટી કાર્યાલયના ઉદ્‌ઘાટનના અવસર પર કોંગ્રેસમાંથી ભાજપના નેતા બનેલા હિમંતા બિસ્વા સરમાએ દાવો કર્યો હતો કે દેશની સૌથી જૂની પાર્ટીનો એજન્ડા ગાંધી પરિવારના ડાયનિંગ ટેબલ પર સેટ થાય છે. તેમણે કહ્યું કે, ભાજપ એક લોકતાંત્રિક પાર્ટી છે જેને તેના કાર્યકરો દ્વારા બનાવવામાં આવી છે પરંતુ જો તમે કોંગ્રેસ અથવા અન્ય પક્ષોની વાત કરો તો તે કાર્યકર્તાઓએ બનાવી નથી. તે ફક્ત તેમના નેતાઓ અને પરિવારની આસપાસ કેન્દ્રિત છે. તેના નિર્ણયો પરિવારના ડાઈનિંગ ટેબલ પર લેવામાં આવે છે અને કાર્યકર્તાઓએ માત્ર તેને ફોલો કરવાનું હોય છે. પરિવારની જરૂરિયાતો પ્રમાણે પાર્ટીની વિચારધારા અને એજન્ડા બદલી નાખવામાં આવે છે.પોતાના અંગત અનુભવોને યાદ કરતાં સીએમ સરમાએ ઓડિશામાં ભાજપ ની કારોબારી બેઠકનો કિસ્સો સંભળાવતા કહ્યું કે, અરુણ જેટલી, સુષ્મા સ્વરાજ અને ધર્મેન્દ્ર પ્રધાન જેવા ભાજપના ટોચના નેતાઓ સાથે ખૂબ જ સરળતાથી મુલાકાત કરી શક્યો.

## ઓક્સફર્ડ ઈએલએલટી દ્વારા ઈનોવેટિવ ઈન્ગ્લિશ લેન્ગ્વેજ ટેસ્ટિંગ મંચ રજૂ કરાયું

ઈન્ગ્લિશ લેન્ગ્વેજ લેવલ આકલનમાં અવ્વલ નામ ઓક્સફર્ડ ઈએલએલટીએ આજે તેની ઝડપથી વૃદ્ધિ પામતી, વિશ્વ કક્ષાની લેન્ગ્વેજ ટેસ્ટિંગ પ્રોડક્ટો ઓક્સફર્ડ ઈએલએલટી ડિજિટલ અને ઓક્સફર્ડ ઈએલએલટી ગ્લોબલને ટેકો આપવા માટે તેની વૈશ્વિક બ્રાન્ડ કેમ્પેઈન લોન્ચ કરવાની ઘોષણા કરી હતી. આ ઈનોવેટિવ લેન્ગ્વેજ ટેસ્ટિંગ પ્રોડક્ટો વિદેશમાં ઉચ્ચ શિક્ષણ લેવા માગતા ભારતીય વિદ્યાર્થીઓની સતત વધતી જરૂરતોને પહોંચી વળીને વાંચન, શ્રવણ, લેખન અને વાચા કુશળતાના આકલન માટે સંરક્ષિત અને વિશ્વસનીય પદ્ધતિ પૂરી પાડે છે.

યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં વૈશ્વિક સ્તરે યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટોલ, યુનિવર્સિટી ઓફ યોર્ક, યુનિવર્સિટી ઓફ ગ્લાસગોવ, યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ, હર્ટફોર્ડશાયર યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ નાયગરા ફોલ્સ, કેનેડા જેવી ૧૨૦થી વધુ યુનિવર્સિટીઓ દ્વારા એક્રેડિટેડ અને માન્યતાપ્રાપ્ત છે. ઓક્સફર્ડ ઈએલએલટી આકલન માટે ભારતમાં ૧૦ ટેસ્ટ સેન્ટર ધરાવે છે. ટૂંક સમયમાં જ આવાં વધુ સેન્ટર લોન્ચ કરાશે.

ઓક્સફર્ડ ઈએલએલટીની લેન્ગ્વેજ ટેસ્ટિંગ પ્રોડક્ટોમાં વાંચન, શ્રવણ, લેખન અને વાચાના મોડ્યુલોનો સમાવેશ થાય છે, જે વ્યાપક મૂલ્યાંકન પર ભાર આપે છે. ભારતીય વિદ્યાર્થીઓને સુવિધા અને સાનુકૂળતા પૂરી પાડવા માટે ઓક્સફર્ડ ઈએલએલટીની આરંભિક પ્રોડક્ટોના લોન્ચ પછી તેણે વૈશ્વિક સ્તરે કોઈ પણ સ્થળથી આપી શકાતી સંપૂર્ણ ઓનલાઈન મોડ્યુલરાઈઝ્ડ ઈન્ગ્લિશ લેન્ગ્વેજ લેવલ ટેસ્ટ ઓક્સફર્ડ ઈએલએલટી ડિજિટલ ભારત સહિત વૈશ્વિક સ્તરે વિદ્યાર્થીઓને ટેકો પૂરો પાડ્યો છે. મોડ્યુલર માળખાને લીધે વિદ્યાર્થીઓ તેમની સુવિધાઓ અટકી શકે અને ફરી શરૂ કરી શકે, જેથી વિવિધ શિડ્યુલ્સમાં તે અપનાવી શકાય છે.

### અમદાવાદના ધ ગ્રાન્ડ ભગવતી હોટેલ ખાતે ૧લી અને બીજી માર્ચ દરમિયાન એક્ઝિબિશન

## હાઈ લાઈફ સંસ્કરણમાં દેશના ૧૫૦થી વધુ ડિઝાઇનર્સ દ્વારા સ્પ્રિંગ કલેક્શન્સ આયોજિત



। અમદાવાદ, તા.૧ ।

૧ માર્ચ, ૨૦૨૪નાં નવા વર્ષનું નવું ટ્રેન્ડ્સ અને આગામી બ્રાઈડલ અને શિયાળા સીઝનના નવા ફેશન સાથે બે દિવસીય હાઈ લાઈફ એક્ઝિબિશન ફરી આવી ગયા છે. અમદાવાદના ઘર આંગણે.! અમદાવાદના ધ ગ્રાન્ડ ભગવતી હોટલ ખાતે ૧લી અને બીજી માર્ચ ૨૦૨૪ના દરમિયાન આયોજિત આ બે દિવસીય હાઈ લાઈફ એક્ઝિબિશનમાં કોલકત્તા, દિલ્હી, મુંબઈ, દુબઈ, હૈદરાબાદ, બેંગલોર, સુરત, પુણે, જયપુર અને લખનૌ જેવા ફેશન સભાન શહેરોમાં થી ૧૫૦થી વધુ ડિઝાઈનર્સ દ્વારા પોતાના સ્પ્રિંગ કલેકશન્સનું રજુઆત કરવામાં આવ્યું છે.

ઈવેન્ટના આયોજક એબી ડોમિનીકે જણાવાયું હતું, 'આ બે દિવસીય હાઈ લાઈફ એક્ઝિબિશનમાં દેશભરના ફેશન ડિઝાઈનર્સના દ્વારા તાજગીપૂર્ણ રીતે બનાવેલ આ નવું વર્ષ માટેના સ્પ્રિંગ ડિઝાઈન ટ્રેન્ડસ જોવા માટે તૈયાર રહો. હાઈ લાઈફ એક્ઝિબિશન, અમદાવાદ ફેશન ડિઝાઈનરો અને રસિકો માટે હાઈ ફેશન ડિઝાઈન્સ અને કારીગરી, લક્ઝ એક્સેસરીઝ, જ્વેલરી, બ્રાઈડલ આઉટફિટ્સ અને વધુની સ્ટાઈલનું સાચું સેલિબ્રેશન છે. હાઈ લાઈફ પ્રદર્શનોની આ આવૃત્તિમાં જોવા માટે પુષ્કળ બ્રાઈડલ વેર છે. જે ગ્લિટ્ઝ, ટેન્ટાલાઈઝિંગ ટ્યુનિક, ચિક કેપ્સ, સેલિબ્રિટી સ્ટાઈલના જેકેટ્સ, સિઝલિંગ સિલ્કમાં ડ્રેપ્સ, કન્ટેમ્પરરી કટ્સમાં ક્રેપ, પેસ્ટલ પ્રિન્ટ્સ અને એમ્બ્રોઈંગ એમ્બ્રો સાથે ગ્રેસનું મિશ્રણ કરે છે. આ આવૃત્તિમાં તમારા વિન્ટર ફ્યુઝન ફેવરિટમાં ટ્રેન્ડી ટ્વિસ્ટનો અનુભવ કરો.

## હિમાચલના ઓપરેશનમાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરનો હાથ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સુખવિન્દર સિંહ સુક્ખુ હાલમાં હિમાચલ પ્રદેશમાં પોતાની સરકાર બચાવવામાં સફળ રહ્યા છે, પરંતુ રાજ્યસભામાં કારમી હાર અને પછી સરકાર પર સંકટની બંને ઘટનાઓએ કોંગ્રેસ હાઈકમાન્ડને હચમચાવી મૂક્યું હતું. આ પર્વતીય રાજ્યમાં રાજકીય કટોકટી સર્જવા પાછળ કોનો હાથ હતો અને કોણ હતું માસ્ટરમાઈન્ડ તે અંગે સૂત્રો દ્વારા જે ચોંકાવનારું નામ જણાવાઈ રહ્યું છે તે ખરેખર તમને પણ ચોંકાવશે. સૂત્રોનું કહેવું છે કે આ સમગ્ર ઓપરેશન પાછળ પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહનો હાથ હતો. તેમણે ઉત્તર ભારતમાં એકમાત્ર કોંગ્રેસ સરકારને પણ તોડી પાડવા માટે ભાજપ વતી મોરચો સંભાળ્યો હતો. પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને પટિયાલાના રાજવી પરિવારના સભ્ય કેપ્ટન અમરિંદર સિંહ હિમાચલ પ્રદેશના રાજવી પરિવાર સાથે જોડાયેલા છે. આ પરિવાર પ્રતિભા સિંહ અને વિક્રમાદિત્ય સિંહનો છે. પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહના પુત્ર અને વર્તમાન કોંગ્રેસ સરકારમાં મંત્રી વિક્રમાદિત્ય સિંહે પોતાની જ સરકાર વિરુદ્ધ મોરચો ખોલ્યો હતો અને રાજીનામું આપવાની ધમકી આપી હતી.

**વિશેષ** | કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી ડો.મનસુખભાઈ માંડવિયાએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ શુભેચ્છા સંદેશ આપ્યો

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં નર્મદા બાયો-કેમ લિમિટેડની વાર્ષિક ડીલર્સ કોન્ફરન્સ યોજાઈ

### કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા :- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર ખેડૂતો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ લાવી








અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નર્મદા બાયો-કેમ લિમિટેડ કંપનીની વાર્ષિક ડીલર્સ કોન્ફરન્સ યોજાઈ હતી. આ પ્રસંગે કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કોન્ફરન્સમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી શુભેચ્છાઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર ખેડૂતો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ લાવી છે જેના લીધે આજે ખેડૂતો સમૃદ્ધ થયા છે, તેમની આવક બમણી કરવાના પ્રયાસો સફળ થઈ રહ્યા છે, એવું તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય મંત્રીશ્રીએ પીએમ પ્રણામ યોજના વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, આ યોજના દ્વારા કેમિકલ ખાતરનો ઉપયોગ ઘટશે જેથી આગામી દિવસોમાં કૃષિ કેમિકલમુક્ત બનશે જેનો ફાયદો ખેડૂતોને થશે.

રાજય સરકાર વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર ખેડૂતોના હિતમાં કાર્ય કરી રહી છે, જેના પરિણામે છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેમિકલ ફર્ટીલાઈઝરનો ઉપયોગ ઓછો થયો છે, તે આનંદની વાત છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાત આજે પ્રાકૃતિક ખેતી માટે લીડ લઈ રહ્યું છે. તેમણે ઉપસ્થિત સૌ લોકોને મીઠી ટકોર કરતા કહ્યું કે, રાસાયણિક ખાતર અનેક રોગને નિમંત્રણ આપે છે, જો સ્વસ્થ રહેવું હોય અને જમીન બચાવવી હોય તો પ્રાકૃતિક ખેતી તરફ વળવું પડશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠા મેળવી છે. મોદીજીનો ગેરંટી રથ આજે છેવાડાના લોકો સુધી પહોંચ્યો છે, તેવું તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સેમિકન્ડક્ટર પોલીસી જાહેર કરનારું દેશનું પ્રથમ રાજ્ય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર કંપનીના ડીલર્સોને એવોર્ડ એનાયત કરાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી રમેશભાઈ ટીલાળા, ગુજકોમાસોલના વાઈસ ચેરમેન શ્રી બિપીનભાઈ પટેલ, નર્મદા બાયો-કેમ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી દિનેશભાઈ પટેલ તથા દેશનાં અનેક રાજ્યોમાંથી આવેલા ડીલર્સો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ૨ થી ૫ માર્ચ દરમિયાન ગોરાઘુમા સ્ટેશન યાર્ડ ખાતે સ્થિત રેલવે ક્રોસિંગ નંબર ૧૬છ બંધ રહેશે

। ગોરઘુમા, તા.૧ ।

પશ્ચિમ રેલ્વેના ગોરઘુમા રેલ્વે યાર્ડમાં એન્જીનિયરીંગના કામને કારણે, રેલ્વે ક્રોસિંગ નંબર ૧૬ છ ૦૨ માર્ચ ૨૦૨૪ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫ માર્ચ ૨૦૨૪ ના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા સુધી ટ્રાફિક માટે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન માર્ગ વપરાશકારો રેલવે ક્રોસિંગ નંબર ૧૫ અને મણિપુર બસ સ્ટેન્ડ નજીક રેલવે અંડરપાસમાંથી મુસાફરી કરી શકે છે.

### દાહોદમાં પશુદાણની આડમાં દારૂનો જથ્થો ઝડપાઈ ગયો

। (એજન્સી) દાહોદ, તા.૧ ।

રાજ્યોમાં અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા રહેતા હોય છે. દાહોદમાં દારૂની હેરાફેરી માટે બુટલેગરનો નવો કીમિયો સામે આવ્યો છે. દાહોદના કતવારા નજીકથી પ શુદાણની આડમાં દારૂની હેરાફેરી થતી હોવાની ઝડપાઈ છે. ન્ઝમ્એ ૨૪ લાખથી વધુની કિંમતનો દારૂ જપ્ત કર્યો છે.રાજ્યોમાં અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા રહેતા હોય છે. ત્યારે દાહોદમાં ફરી એક વાર દારુનો જથ્થો ઝડપાયો છે. દાહોદમાં દારૂની હેરાફેરી માટે બુટલેગરનો નવો કીમિયો સામે આવ્યો છે. દાહોદના કતવારા નજીકથી પશુદાણની આડમાં દારૂની હેરાફેરી થતી હોવાની ઝડપ ાયું છે. ન્ઝમ્એ ૨૪ લાખથી વધુની કિંમતનો દારૂ જપ્ત કર્યો છે.

### નડિયાદ સબ રજીસ્ટ્રાર ઓફિસનો કર્મચારી લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

। (એજન્સી) નડિયાદ, તા.૧ ।

નડિયાદ સ્થિત જીલ્લા સેવા સદન ખાતે સબ રજીસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવતા અધિકારી, કર્મચારીઓ અરજદારો પાસેથી મિલ્કત સંબંધી દસ્તાવેજો અંગે ઈન્ડેક્ષ કાઢી આપવા રૂપિયા ૧,૦૦૦ થી રૂપિયા ૩૦૦૦ લેતા હોવાની આધારભૂત માહિતી એન્ટી કરપ્શન બ્યુરો(એસીબી)ને મળી હતી.જેને આધારે એસીબીના અધિકારીઓએ વ્યવસ્થિતપણે આયોજન કરીને જાળ બિછાવી હતી. જેમાં નડિયાદની સબ રજીસ્ટ્રાર કચેરી, દસ્તાવેજ નોંધણી કેન્દ્રમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા મેઘરાજસિંહ બી. છાસટીયાએ અગાઉ ખરીદેલી મિલ્કતના દસ્તાવેજોની નકલ કાઢી આપવા માટે રૂપિયા ૩,૦૦૦ની લાંચ લેતા એસીબીના અધિકારીઓએ તેને રંગે હાથ ઝડપી લીધો હતો.

### ગૌણસેવા વર્ગ ૩ ની ૫૫૫૪ જગ્યાઓ માટે ૧૯ દિવસ પરીક્ષાનું આયોજન

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

આગામી એપ્રિલ માસમાં ગૌણસેવા વર્ગ ૩ ની ૫૫૫૪ જગ્યાઓ માટે ૧૯ દિવસ પરીક્ષા નું આયોજન કરવામાં આવ્યું છે. ૧ લી એપ્રિલથી ૮મી મે સુધી પ્રિલીમીનરી પરીક્ષા નું કરાયું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે વેબસાઈટ પર પરીક્ષાની તારીખ સહિતની વિગતો જાહેર કરવામાં આવશે. રાજ્યમાંથી કુલ ૫ લાખ ૧૭ હજાર ઉમેદવારોએ અરજી કરી છે.



લાલ દરવાજા સરદાર બાગ પાસે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસના નેતા શાહજહાં શેખના વિરોધમા દેખાવો કરવામાં આવ્યા હતા.

### ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ખાતે
## અદ્યતન કમિટી હોલનું વન- પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલના હસ્તે અનાવરણ



। ગાંધીનગર, તા.૧ ।

ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ગાંધીનગર ખાતે તૈયાર કરવામાં આવેલા અદ્યતન કમિટી હૉલનું આજે વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ હસ્તકની તમામ પ્રાદેશિક કચેરીઓની કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડના અધિકારીશ્રીઓ દ્વારા બોર્ડની વિશેષ કામગીરી અંગે મંત્રીશ્રીઓને અવગત કરવા કરવામાં આવ્યા હતા અને તમામ પ્રાદેશિક કચેરીના કાર્યક્ષેત્ર અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીઓ દ્વારા અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ શ્રી આર. બી.બારડ, સભ્ય સચિવ શ્રી ડી.એમ.ઠાકર સહિત પ્રાદેશિક કચેરીના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રોડ માટે ડિમોલિશન કાર્યવાહી મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણી
## સરકારી જમીન પર કબજો જમાવવા મંદિર બનાવી દેવાય છે : હાઈકોર્ટ
### ચાંદલોડિયાના ૯૩ પરિવારોએ રોડ નિર્માણના વિરોધ સામેની ડિવીઝન બેન્ચ સામે અપીલ દાખલ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ એક રોડ માટે ડિમોલિશન કાર્યવાહી મુદ્દે અમદાવાદના કેટલાક લોકો હાઈકોર્ટ પહોંચ્યા હતા અને એક મંદિરને તોડી પાડવામાં ન આવે તે માટે વિનંતી કરી હતી. અરજી પર સુનાવણી કરતા ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે કહ્યું કે, મંદિર બનાવવું એ પણ સરકારી જમીન પર કબજો કરવાની એક રીત છે. તેમણે કહ્યું કે, આ રીતે લોકો બધાને ઈમોશનલ બ્લેકમેલ કરે છે. ભારતમાં સરકારી જમીન પર કબજો કરવાની એક રીત મંદિર બનાવી દેવું એ પણ છે. એક અહેવાલ પ્રમાણે ચાંદલોડિયાના ૯૩ પરિવારોએ રોડ નિર્માણનો વિરોધ કરતા અરજી દાખલ કરી છે. સિંગલ જજની અદાલતમાં અરજી ફગાવી દીધા બાદ તેમણે ડિવીઝન બેન્ચ સામે અપીલ દાખલ કરી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આશ્વાસન મળ્યુ હોવા છતાં કે કોઈના ઘર તોડી પાડવામાં નહીં આવશે તો પણ અરજદારોએ સૂચિત રોડ પરથી એક મંદિરને બચાવી લેવાની માંગ કરી હતી. તેમણે દલીલ કરી હતી કે, સમગ્ર સમુદાયની ભાવનાઓ તેની સાથે જોડાયેલી છે અને દરેકે તેને બનાવવામાં યોગદાન આપ્યું છે.

ચીફ જસ્ટિસે કહ્યું કે, હું એ જરૂર કહીશ કે તમે આ રીતે બીજાને ઈમોશનલી બ્લેકમેલ કરો છો. તમે સરકારી મિલકતો પર કબજો કરી રહ્યા છો અને આ બધે થઈ રહ્યું છે. જસ્ટિસે કહ્યું કે અરજદારો પાસે જે જમીન પર મંદિર છે તેના પર માલિકીનો અધિકાર નથી. જજે કહ્યું કે, એવું કહીને કે મંદિર હટાવી દેવામાં આવશે, તમે ભાવનાઓનો ફાયદો ઉઠાવવા માંગો છો.

## અમદાવાદ-ઓખા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ફ્રિક્વન્સી વધારવામાં આવી

। અમદાવાદ, તા.૧ ।

પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા માટે અને તેમની માંગને પહોંચી વળવા માટે અમદાવાદ-ઓખા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ફ્રિકવન્સી ખાસ ભાડા પર લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નંબર ૦૯૪૩૫ અમદાવાદ-ઓખા સાપ્તાહિક વિશેષ, જેને અગાઉ ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી નોટિફાય કરવામાં આવી હતી, તેને ૦૯ માર્ચ, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૪૩૬ ઓખા-અમદાવાદ સાપ્તાહિક વિશેષ, જે અગાઉ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી નોટિફાઈડ કરવામાં આવી હતી, તેને હવે ૧૦ માર્ચ, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૪૩૫ અને ૦૯૪૩૬ની વિસ્તૃત ટ્રિપ્સ માટેનું બુકિંગ તાત્કાલિક અસરથી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલ્લું છે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને માળખા વિશે વિસ્તૃત માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in મુલાકાત લઈ શકે છે.

## ગુજરાતમાં પહેલી વાર MSMEsની સફળતા માટે એટીપીલે વિશિષ્ટ સોલ્યુશન્સ રજૂ કર્યું



। અમદાવાદ, તા.૧ ।

નવીન અભિગમ માટે જાણીતી પ્રતિષ્ઠિત બિઝનેસ કન્સલ્ટિંગ કંપની ઓરોક્રિપા ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ (એટીપીલ)એ ભારતીય ઉદ્યોગસાહસિકો માટે વિશિષ્ટરૂપે તૈયાર કરાયેલા સોલ્યુશન્સ લોંચ કરવાની જાહેરાત કરી છે. આ એક વિશિષ્ટ બિઝનેસ સર્વિસ છે જે ભારતીય પ્રોમોટર્સને ગ્રોથ આપવા માટે અનોખું સોલ્યુશન રજુ કરી રહી છે.

દેશમાં ૧૦માં થી ૮ MSMEs નિષ્ફળ થઈ રહ્યા છે, ઘણી નાની મોટી કંપનીઓ બજારમાં આવે છે અને અદ્રશ્ય થઈ જાય છે પરંતુ કોઈ નિષ્ફળતા પર ધ્યાન આપતું નથી. પરંતુ એટિપિલ આ બાબત પર વધારે ફોક્સ કરવા માંગે છે . એટીપીલ, જે કંપનીઓ બિઝનેસ ચેલેન્જ નો સામનો કરી રહી છે તેને ફ્રી અસેસમેન્ટ કરી આપશે અને કંપનીને ફક્ત માર્ગદર્શન જ નહિ પરંતુ ખભેથી ખભા મિલાવીને ગ્રોથ આપવાનું કામ કરશે. કંપનીનું મુખ્ય ફોક્સ સ્ટ્રેટેજી સાથે વધારે ઈમ્પ્લીમેન્ટશનું છે. એટીપીલના નવા સોલ્યુશન્સ મુખ્યત્વે પાંચ પિલ્લર્સ ઉપર કેન્દ્રિત છેઃ ઈનોવેશન અને સ્ટ્રેટેજી, પ્રોસેસ ઓરિએન્ટેશન, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, પીપલ મેનેજમેન્ટ અને ઓર્ગેનાઈઝેશનલ ગ્રોથ. ભારતના ગતિશીલ વ્યવસાયિક લેન્ડસ્કેપમાં ઉદ્યોગસાહસિકો સમક્ષ સર્જાતાં વિશિષ્ટ પડકારોના ઉકેલ માટે ડિઝાઈન કરાયેલા આ સોલ્યુશન્સ કંપનીની કાર્યક્ષમતામાં વધારો કરવા, ડિજિટલ ઈનોવેશનને બળ આપવા, પ્રતિભાને પોષવા તથા સંસ્થાકીય વિકાસને પ્રોત્સાહન આપતા એક વ્યાપક માળખું પ્રદાન કરે છે.

આ લોંચ વિશે પ્રતિક્રિયા આપતાં ઓરોક્રિપા ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર નિલેશ શાહે, વ્યવસાયિક વૃદ્ધિને વેગ આપાવામાં માળખાકીય સિદ્ધાંતોની મહત્વપૂર્ણ ભૂમિકા ઉપર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, ભારતીય પ્રમોટર્સ બેજોડ વૃદ્ધિની આશા રાખે છે તથા વ્યવસાયિક કામગીરીમાંથી મુક્ત થવા ઈચ્છે છે, પરંતુ મોટાભાગે ઘણા ખરા જમીની હકીકતોથી દૂર હોય છે. ટાઈમ આવી ગયો છે કે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન,પ્રોસેસ ડ્રિવન ઓર્ગેનાઈઝેશન, ડેટા એનાલિટિક્સ તેમજ ટીમની યોગ્યતાના મૂલ્યાંકન દ્વારા પર્ફોર્મન્સ ડ્રિવન ઓર્ગેનાઈઝએશનનું સર્જન કરવું. એટીપીલ કર્મચારીના કૌશલ્યોમાં વધારો કરવા તેમજ સંસ્થાનના દરેક સ્તરે ઈનોવેશનની મહત્વતા વગેરે પર વધુ ધ્યાન આપે છે, તેમણે ઉમેર્યુ હતું કે, એટીપીલ ઉદ્યોગસાહસિકોને તેમની પૂર્ણ ક્ષમતાઓને અનલોક કરવા, નોંધપાત્ર સફળતા હાંસલ કરવા તેમજ માનસિક શાંતિ માટે જરૂરી માર્ગદર્શન અને સહયોગ પ્રદાન કરવા માટે કટીબદ્ધ છે.

## હવે ગુજરાતના ગામડાઓમાં પણ સારા રોડ જોવા મળશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

હવે ગુજરાતના ગામડાઓમાં પણ સારા રોડ જોવા મળશે. ગામડાઓમાં રોડના વિકાસ અને રસ્તાઓના સમારકામ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ૧૫૬૩ કરોડ રૂપિયાની રકમ ફાળવી છે. આ રકમ રાજ્યના બધા જ જિલ્લાઓમાં પંચાયત હેઠળના ગ્રામ્ય માર્ગોની સુધારણા અને સુદ્રઢીકરણ માટેના કામ હાથ ધરવા ફાળવવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના બધા જ જિલ્લાઓમાં પંચાયત હેઠળના ગ્રામ્ય માર્ગોની સુધારણા અને સુદ્રઢીકરણ માટેના કામો હાથ ધરવા રૂ. ૧૫૬૩ કરોડ જેટલી માતબર રકમની ફાળવણીની મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામ્ય માર્ગો પરના હાલના હયાત નાળા, કોઝ વે, પૂલોના પુનઃ બાંધકામની જરૂરિયાત ધ્યાનમાં લઈને આવા ૯૦૩ જેટલા સ્ટ્રક્ચર્સના રૂ. ૧૪૮૮ કરોડના ખર્ચે નવનિર્માણ માટે અનુમતિ આપી છે.

તદઅનુસાર, જરૂરિયાત મુજબ નવા ૫ ાઈપ નાળા, નવા કોઝ વે, બોક્ષ કલવર્ટ સ્લેબ ડ્રેઈન, કોઝ વે ને બદલે બારમાસી રસ્તા બનાવવા માટે માઈનોર એન્ડ મેજર બ્રિજ વગેરે કામો હાથ ધરવામાં આવશે. એટલું જ નહીં, તેમણે રાજ્યના ગ્રામીણ વિસ્તારોના રસ્તાઓ પરના નદી-નાળા પરના જુના સ્ટ્રક્ચર્સને ભારે વરસાદ અને ચોમાસાને પરિણામે નુકસાન થયેલા ૨૧૧ નાળા-પૂલોના મજબૂતીકરણ અને મરામતના કામો માટે ૭૫.૮૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ વિસ્તારોને બારમાસી રસ્તાઓની સહુલિયત મળી રહે અને અંતરિયાળ વિસ્તારોને પણ સરળ કનેક્ટિવિટી ઉપલબ્ધ થાય તેવા ગ્રામ હિતકારી અભિગમ સાથે આ માતબર રકમ ફાળવવા મંજૂરી આપી છે.

## ભૂજ થી મુંબઈ જનાર લોકો માટે આજથી ફ્લાઈટની સેવા શરૂ

। (એજન્સી) ભૂજ, તા.૧ ।

ભૂજ થી મુંબઈ જનાર લોકો માટે આજથી ફ્લાઈટની સેવા શરૂ કરવામાં આવી છે. ૧૨૦ મુસાફરોની બેઠકની ક્ષમતા ધરાવતી દૈનિક ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે.

મુંબઈ માટેની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવતા કચ્છીઓને ફાયદો થશે.આ બેઠકમાં એરપોર્ટ ડાયરેક્ટર નવીનકુમાર સાગર, એર ઈન્ડિયાનાં ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં ભુજનાં ચેમ્બર પ્રમુખ અનિલ ગોરે જણાવ્યું હતું કે, મુંબઈ-કચ્છ વચ્ચે ફ્લાઈટ શરૂ થતા કચ્છીઓ માટે આવકારદાયક હોવાનું જણાવ્યું હતું. તેમજ વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ટિકિટનાં ભાવો વ્યાજબી રાખવા તેમજ બીજી ફ્લાઈટ ચાલુ કરવામાં આવે તો બંને ફ્લાઈટોની વિદેશી વિમાની સેવા સાથે કનેક્ટીવીટીની રજૂઆત કરી હતી.

## અમદાવાદના ૧૩૦ વર્ષ જુના એલિસબ્રીજનું રિડેવલપમેન્ટ થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અટલ બ્રીજની જેમ જ લોકો માટે એલિસબ્રિજ પર્યટન સ્થળ બનશે. જેમા લોકો માટે બેસવાની અને હરવા-ફરવાની વ્યવસ્થા કરાશે. તેના બાંધકામના ૧૩૦ વર્ષ પછી અમદાવાદનો પ્રતિષ્ઠિત એલિસબ્રિજ પુનઃસંગ્રહમાંથી પસાર થવાનો છે, કારણ કે તેના કરારની ફાળવણી કાર્ડ પર છે. જૂના અમદાવાદની ઓળખ સમાન એલિસબ્રીજનું છસ્ઝ રી-ડેવલોપમેન્ટ કરાશે. અંગ્રેજોના જમાનામાં બનેલા એલિસબ્રિજને એન્જિનિયરિંગનો અદભૂત નમૂનો માનવામાં આવે છે. મહાનગરપાલિકા ૨૫ કરોડના ખર્ચે એલિસબ્રીજનું રિડેવલોપમેન્ટ કરશે. આગામી ૩ વર્ષની અંદર નવા હેરિટેજ લૂક સાથે એલિસબ્રીજ તૈયાર થશે. અટલ બ્રીજની જેમ જ લોકો માટે એલિસબ્રિજ પર્યટન સ્થળ બનશે. જેમા લોકો માટે બેસવાની અને હરવા-ફરવાની વ્યવસ્થા કરાશે. તેના બાંધકામના ૧૩૦ વર્ષ પછી અમદાવાદનો પ્રતિષ્ઠિત એલિસબ્રિજ પુનઃસંગ્રહમાંથી પસાર થવાનો છે, કારણ કે તેના કરારની ફાળવણી કાર્ડ પર છે. આ દરખાસ્તને ૨૬ ફેબ્રુઆરીએ મળનારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (છસ્ઝ)ની બેઠકમાં મંજૂરી આપવામાં આવે તેવી શક્યતા છે. રાજકમલ બિલ્ડર્સ પ્રાઈવેટ લિમિટેડ ૨૬.૭૮ કરોડના અંદાજિત ખર્ચમાં બ્રિજ બાંધે તેવી શક્યતા છે. રજૂ કરાયેલી રકમની સરખામણીમાં સુધારેલી રકમમાં ૩૬.૬૦%નો વધારો થયો છે. ૧૮૯૨ માં બાંધવામાં આવેલ આઈકોનિક પુલ, સાબરમતી નદી પર બાંધવામાં આવેલો પ્રથમ પુલ હતો. ૨૦૧૩-૧૪માં પદાધિકારીઓએ પુલને નષ્ટ કરવાની દરખાસ્ત રજૂ કરી હતી. મોટા પાયે આક્રોશ પછી સત્તાવાળાઓએ આ ધારણાને પાછી ખેંચવી પડી હતી.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
➩ લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
➩ લેબર જોતા હોય તો કોલ કરો
➩ કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL




નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

## શાહીબાગ મર્ડર કેસનો આરોપી ૩ વર્ષે ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ શહેરમાં ત્રણ વર્ષ પહેલા શાહીબાગ પોલીસ સ્ટેશનમાં એક હત્યાનો ગુનો નોંધાયો હતો. જોકે હત્યારો શોધવા માટે પોલીસને માટે રુના ઢગલામાં સોય શોધવા સમાન કાર્ય હતું. ત્રણ વર્ષથી પોલીસે જોકે હત્યા કેસના આરોપીને શોધવા માટે પ્રયાસો સતત જારી રાખ્યા હતા અને આખરે પોલીસને સફળતા હાથ લાગી છે. પોલીસે ત્રણ વર્ષ બાદ આોપીને મુંબઈથી ઝડપી લઈને જેલના હવાલે કર્યો છે. પોલીસને હત્યારાની ભાળ મળતા જ મુંબઈમાં સતત ૧૨ કલાક સુધી વોચ ગોઠવી હતી. આ દરમિયાન પોલીસે આરોપીને ઓળખી લઈને તેની ધરપકડ કરી લીધી હતી. પોલીસે આ માટે દુકાનો અને પાથરણા વાળાઓની પણ તપાસ કરી હતી. શાહીબાગ વિસ્તારમાં ત્રણ વર્ષ પહેલા અંગત અદાવતમાં હત્યા નોંધાઈ હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨